# ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ

(જનરલ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન ઑફ ઇંડિયાની ગૌણ સંસ્થા)
રજિસ્ટર્ડ અને મુખ્ય કાર્યાલય : ન્યુ ઇંડિયા એસ્યોરન્સ બિલ્ડીંગ, ૮૭, મહાત્મા ગાંધી માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

## ખેડૂત પેકેજ પોલિસી-વીમા અંગેનો ખંડ
## (પોલિસી નં............ સાથે જોડેલ અને તેના ભાગરૂપ)

આ અંગેની યોજનામાં અનુસૂચિમાં દર્શાવેલ વીમાદારે ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કં. લિ.ને (હવે પછી 'કંપની' કહેવાશે) પ્રસ્તાવ અને એકરાર રજૂ કર્યા છે. તે આ કન્ટ્રાક્ટનો આધાર બનશે. આમાં હવે પછી સમાવિષ્ટ વીમા માટે તેનો સમાવેશ થતો હોવાનું માનવામાં આવશે અને આમાં જણાવેલ પ્રીમિયમ તેણે ચૂકવ્યું છે અથવા ચૂકવવાનું કબૂલ કર્યું છે, તેથી;

આમાં જણાવેલ શરતો અથવા કરેલ શેરો અથવા આમાં અન્યથા વ્યક્ત કરેલ વિગતોને અધીન રહીને કંપની આથી કબૂલ થાય છે કે વીમાદાર નુકસાન અથવા હાનિ સહન કરે અથવા અનુસૂચિમાં દર્શાવેલ વીમાદાર અથવા વીમાદારનું કુટુંબ, આમાં જણાવેલા વીમાના સમય દરમિયાન અથવા તે પછીના સમયમાં કોઈ પણ વખતે અકસ્માતથી શારીરિક ઈજા સહન કરે. આ સમય બાબતમાં વીમાદારે પ્રીમિયમ ચૂકવ્યું હશે અથવા ચૂકવવાનું કબૂલ કર્યું હશે અને કંપનીએ તેના રિન્યુઅલ માટે પ્રીમિયમ સ્વીકાર્યું હશે અથવા સ્વીકારવાનું કબૂલ કર્યું હશે. કંપની આમ ગૂમ થયેલી મિલકતનું નુકસાન અથવા હાનિની રકમ અથવા કરેલી જવાબદારીની રકમ અથવા આમાં નિર્દિષ્ટિ લાભ સામે આમાં નિયત કરેલી અનેક વસ્તુમાંની દરેક વસ્તુ બાબતમાં વીમાના કોઈ એક સમયમાં વધી જતાં કંપની ચૂકવશે.

### સામાન્ય શરતો

૧. **નોટિસ** : આ પોલિસી માટે જરૂરી દરેક નોટિસ અને સંદેશાવ્યવહાર કંપનીની ઓફિસમાં લેખિત રહેશે. તેની મારફતે આ વીમાનો અમલ કરાશે.

૨. **ખોટું વર્ણન** : કોઈ મહત્ત્વની માહિતીની ગેરરજૂઆત કરાતાં, ખોટું વર્ણન કરાતાં અથવા તે પ્રગટ ન કરાતાં, પોલિસી કંપનીમાં જપ્ત થશે.

૩. **યોગ્ય સંભાળ** : વીમો ઉતરાવેલી મિલકતના કોઈ નુકસાન અથવા હાનિ સામે સલામતી આપવા વીમાદાર બધાં વાજબી પગલાં લેશે. વીમાદાર એટલી યોગ્ય કાળજી લેશે કે ફક્ત કાર્યક્ષમ કર્મચારીઓ જ નીમવામાં આવે. તે બધા અકસ્માત નિવારવા તમામ વાજબી સાવચેતી રાખશે અને તે તમામ વૈધાનિક અથવા અન્ય વિનિયમોનું પાલન કરશે.

૪. **રદ કરવું.** : કંપની કોઈ પણ વખત સાત દિવસની લેખિત નોટિસ આપીને આ પોલિસી રદ કરી શકશે. આવી બાબતમાં કંપની વીમાના પૂરા ન થયેલા સમયને અનુરૂપ છેલ્લા પ્રીમિયમનો અમુક ભાગ વીમાદારને પાછો મોકલશે. વીમાદારની વિંનતી પરથી કોઈ પણ સમયે પોલિસી સમાપ્ત થઈ શકશે, પરંતુ તે બાબતમાં આગની ટેરિફ મુજબ ટૂંકી મુદતના નિયમોના દરે પોલિસી અમલમાં હોય તેટલી મુદત માટેનું પ્રીમિયમ કંપની રાખી લેશે.

૫. **દાવાની કાર્યપદ્ધતિ** : (૧) આ પોલિસી હેઠળ દાવો કરવા અથવા કરવા પડવાનો સંભવ હોય તેવો બનાવ બનતાં વીમાદાર –

(ક) ચોરીના બનાવ બાબતમાં પોલીસને તાત્કાલિક ફરિયાદ કરો અને ગુનેગાર વ્યક્તિ કે વ્યક્તિઓને ગિરફતાર કરવા અને ગૂમ થયેલી મિલકત પાછી મેળવવા તમામ વ્યવહારુ પગલાં લો.

(ખ) (૧) કંપનીને તે અંગે તાત્કાલિક નોટિસ આપો અને ત્યારબાદ ૧૪ (ચૌદ) દિવસની અંદર પોતાના ખર્ચે કંપનીને નુકસાન અથવા હાનિની રકમની વિસ્તૃત વિગતો સાથે યોગ્ય રીતે જરૂરી હોય તે પ્રમાણે આવા ખુલાસા અને પુરાવા તથા દાવાને મજબૂત કરવાના પુરાવા રજૂ કરો. (૨) વીમાદાર અથવા અનુસૂચિમાં જણાવેલ નામવાળા વીમાદારના કુટુંબના કોઈ સભ્યને કોઈ ક્લિનિક, નર્સિંગ હોમ અથવા હોસ્પિટલમાં સારવારની જરૂર પડે તેવી કોઈ શારીરિક ઈજા ભોગવે, તેના માટે તેની નીચે દાવો કર્યો હોય કે કરવાનો હોય, તો શક્ય તેટલી ઝડપી તાકીદની લેખિત નોટિસ કંપનીને આપવામાં આવશે, પરંતુ કોઈ બનાવમાં વીમાદાર અથવા વીમાદારના પતિ/પત્ની અને બાળકો સહિતના વીમાદારના કુટુંબના સભ્યનું મૃત્યુ થાય, તો કાનૂની પ્રતિનિધિ/પ્રતિનિધિઓ મૃત્યુની જાણ તરત જ કરશે. કંપનીને જરૂરી ડોક્ટરનાં કે અન્યનાં તમામ પ્રમાણપત્રો, માહિતી અને પુરાવા વીમાદાર અથવા તેના કાનૂની પ્રતિનિધિઓના ખર્ચે મોકલવામાં આવશે અને તે કંપની નિયત કરે તેવા સ્વરૂપમાં અને તેવા પ્રકારના રહેશે. આની નીચે દાવાનો વિષય હોય તે અકસ્માત બન્યા પછી વીમાદાર તરત જ તબીબી સારવાર મેળવશે. તેમ ન કરે, તો કંપની તેનાં પરિણામ માટે જવાબદાર રહેશે નહિ.

(૩) પોલિસી હેઠળ દાવો કરવાનો થાય અને કરવાનો સંભવ હોય તેવો કોઈ બનાવ બનતાં, વીમાદાર તે અંગે કંપનીને તાત્કાલિક નોટિસ આપશે અને કંપનીને તે દરેક લેખિત નોટિસ અથવા માહિતી અથવા દાવાની કોઈ મૌખિક નોટિસ કંપનીને રવાના કરશે. તે કંપનીને વીમાદાર સામે ઇસ્યુ કરેલી કે શરૂ કરેલી રિટ સમન્સ અથવા બીજી કાયદેસર પ્રક્રિયા કંપનીને મોકલશે. કંપની દાવાની પતાવટ કરી શકે અથવા તેનો પ્રતિકાર કરી શકે અથવા કાર્યવાહી શરૂ કરી શકે તે માટે તમામ જરૂરી માહિતી આપશે. કંપનીની લેખિત સંમતિ સિવાય વીમાદાર દાવો સરખો કરી આપવામાં કોઈ ખર્ચ કરશે નહિ. આવી સંમતિ સિવાય તે દાવા અંગે વાટાઘાટ ચૂકવણી, કબૂલાત કે ઇન્કાર કરશે નહિ.

હંમેશાં આ પોલિસીની મર્યાદાને અધીન રહીને આવા બીજા વીમા હેઠળ વસૂલાતપાત્ર ન હોય તેવાં નુકસાન, હાનિ, જવાબદારી અથવા ખર્ચની વધારાની ચૂકવશે.

૭. **કપટ** : આ પોલિસી હેઠળનો કોઈ દાવો કોઈપણ રીતે કપટભર્યો હોય અથવા વીમાદારે અથવા વીમાદાર વતી કામ કરનાર કોઈએ લાભ મેળવવા સાધનો અથવા પ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો હોય તો પોલિસી જપ્ત કરવામાં આવશે.

૮. **હાનિરક્ષા** : કંપની નુકસાન અથવા હાનિની રકમ ચૂકવવાને બદલે તેના વિકલ્પે મિલકતનું પુનઃસ્થાપન કરે, બદલી આપે અથવા મરામત કરાવી આપે અથવા તેમ કરવા માટે બીજા કોઈ વીમાકર્તા સાથે જોડાઈ જાય, પરંતુ તેવું જ અથવા સંપૂર્ણ પુનઃસ્થાપન કરવા બંધાયેલી નહિ રહે. સંજોગોની છૂટ મળે તેટલી અને પૂરતા વાજબી રીતે, પરંતુ કંપનીના પુનઃસ્થાપનમાં તેણે ગુમાવ્યું હોય તે કરતાં વધારે કંપની ખર્ચવા બંધાયેલી નથી. આવું નુકસાન કે હાનિ થતી વખતે હોય તેટલું જ ખર્ચ તેના પુનઃસ્થાપનમાં કરશે, પરંતુ તે કંપનીએ વીમો લીધો હોય તે કરતાં વધશે નહિ.

૯. **સરેરાશ** : વીમો ઉતરાવેલી મિલકતને વીમાની કિંમત કરતાં સામૂહિક રીતે વધારે નુકસાન કે હાનિ થઈ હોય, તો તફાવત માટે વીમાકર્તા વીમાધારકને વિચારણામાં લેશે અને તદનુસાર નુકસાન અથવા હાનિનો પ્રમાણસર ભાગ ભોગવશે. પોલિસીની એક કરતાં વધારે બાબતો હોય, તો આ શરતને અધીન રહીને અલગ વિચારવામાં આવશે.

૧૦. **લવાદ** : આ પોલિસી હેઠળ ચૂકવવાના પ્રમાણ બાબતમાં કોઈ તફાવત હોય, (અન્યથા જવાબદારી કબૂલ રખાઈ છે) તો આવો તફાવત બીજા બધા પ્રશ્નોથી સ્વતંત્ર રીતે બે તટસ્થ વ્યક્તિઓને લવાદ તરીકે નિર્ણય માટે પુછાવવામાં આવશે. વખતોવખત સુધાર્યા પ્રમાણે અને હાલ પૂરતા અમલમાં હોય તે લવાદ અધિનિયમ, ૧૯૪૦ની જોગવાઈ અનુસાર બીજા પક્ષકારે લેખિતમાં તેમ કરવાનું જરૂરી ગણાવ્યું હોય તે પછી બે કેલેન્ડર મહિનાની અંદર દરેક પક્ષકાર લેખિતમાં એક લવાદ નીમશે. લવાદ નીમવાની જરૂરિયાત અંગે લેખિત નોટિસ મળ્યા પછી કોઈ એક પક્ષકાર બે કેલેન્ડર મહિનાની અંદર લવાદ નીમવાની ના પાડે અથવા નીમી ન શકે તો બીજો પક્ષકાર સંપૂર્ણ લવાદ નીમવા સ્વતંત્ર રહેશે. બે લવાદો વચ્ચે સંમતિ ન સધાય, તો તફાવત અંગે અમ્પાયરના નિર્ણય માટે પુછાવવામાં આવશે. સંદર્ભમાં ઊતરતાં પહેલાં તેમણે તેમને નીમ્યા હશે તે લવાદો સાથે બેસશે અને બેઠકોનું પ્રમુખસ્થાન સંભાળશે.

સ્પષ્ટપણે કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે કે કંપનીએ આ પોલિસી બાબતમાં અથવા તેની નીચે જવાબદારી ન સ્વીકારી હોય અથવા કંપનીને વિવાદ કર્યો હોય, તો અહીં આમાં જોગવાઈ કર્યા પ્રમાણે કોઈ વિવાદ અથવા મતભેદ લવાદને પુછાવવામાં નહિ આવે.

આથી સ્પષ્ટપણે નિયત કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે આ પોલિસી અંગે દાવાનું પગલું લેવાના કોઈ હકની પૂર્વ-શરત એ રહેશે કે નુકસાન અથવા હાનિની રકમ અંગે આવા લવાદ, લવાદો અથવા અમ્પાયરનો એવોર્ડ પ્રથમ મેળવવામાં આવશે.

વળી સ્પષ્ટપણે કબૂલ કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે આની નીચેના કોઈ દાવા માટે કંપની વીમાદારની જવાબદારી ન સ્વીકારે અને આવો દાવો આવી અસ્વીકૃતિની તારીખથી ૧૨ કેલેન્ડર મહિનાની અંદર ન કર્યો હોય, તો ત્યારબાદ તે વસૂલ કરી શકાશે નહિ.

૧૧. **શરતોનું અવલોકન** : વીમાદારે પાલન કરવાને લગતી આ પોલિસીની શરતો અને શેરાનું યોગ્ય રીતે પાલન કરવા અને તે પરિપૂર્ણ કરવા આ પોલિસી હેઠળ ચુકવણી કરવાની કંપનીની કોઈ જવાબદારીની પૂર્વ-શરત રહે છે.

### સામાન્ય અપવાદ

કંપની નીચેની બાબતો અંગે જવાબદાર નહિ રહે :

૧. યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ, બળવો, ક્રાંતિ, લશ્કરી સત્તા, અથવા છીનવી લીધેલી સત્તા, નાગરિક અશાંતિ અથવા તે અંગે લૂંટફાટના પરિણામે અથવા તેમાંથી ઊભા થતા પ્રત્યક્ષ કે પરોક્ષ નુકસાન, હાનિ, જવાબદારી અથવા ખર્ચ.

૨. ઘસારો અથવા તૂટફૂટને કારણે નુકસાન અથવા હાનિ

૩. કોઈપણ પ્રકાર અથવા વર્ણનનું પારિણામિક નુકસાન :

૪ (ક) અણુશસ્ત્રોની સામગ્રીથી થયેલ, ઊભું થતું, અથવા તેના પરિણામે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલું નુકસાન કે હાનિ

(ખ) અણુ બળણતના દહનમાંથી કોઈ અણુબળતણ અથવા અણુ બગાડમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ અથવા તેમાંથી ઊભા થતા અને તેના પરિણામે ઉદ્દભવતા અથવા તેમાં ફાળો આપતાં આયોનિત કિરણોત્સર્ગ અથવા રેડિયો-એક્ટિવિટીથી થતા બગાડથી થતી હાનિ કે નુકસાન વીમામાં આવરી લેવાતું નથી. આ શરત ૪(ખ)ના હેતુ માટે દહનમાં અણુ વિભાજનની સ્વનિર્ભર પ્રક્રિયાનો જ સમાવેશ થાય છે.

(ગ) આગ, વીજળી, ગૃહોપયોગી સાધનોમાં ગેસનો વિસ્ફોટ
(ઘ) આગ ફાટી નીકળવી, પાણીની ટાંકીઓ, સાધનો અથવા પાઇપમાંથી પાણી ઉભરાવું.
(ચ) હવાઈ જહાજમાંથી વસ્તુઓ ફેંકવી
(જ) હુલ્લડ, હડતાળ અને દ્વેષપૂર્ણ કાર્ય
(ઝ) ધરતીકંપ, આગ અને / અથવા આંચકા, ખડક ધસી પડતા સહિત જમીન બેસી જવી અને ધસી પડવી.
(ટ) પૂર, ભારે વરસાદ, વાવાઝોડું, ચક્રવાત, પ્રચંડ તોફાન
(ડ) નુકસાનની અસર

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતમાં જવાબદાર રહેશે નહિ :

(ક) ઘરફોડી અને / અથવા ખાતર પાડવું અથવા ચોરી, જેમાં વીમાદારના કુટુંબનો સભ્ય મુખ્ય અથવા સહાયક હોય તેવા કોઈ સભ્યથી નુકસાન અથવા હાનિ
(ખ) વપરાશી પ્રકારની વસ્તુઓનું નુકસાન કે હાનિ
(ગ) નાણાં, જામીનગીરીઓ, ટિકિટ-સંગ્રહ, લગડી (bullion), પશુધન, મોટરવાહન અને પેડલ સાઇકલને નુકસાન અથવા હનિ
(ઘ) ખત, બોન્ડ, હૂંડી, પ્રોમિસરી નોટ, શેર અને સ્ટોક પ્રમાણપત્રો, વેપારના ચોપડા, હસ્તપ્રત, કોઈપણ પ્રકારના દસ્તાવેજ, ન જડેલાં રત્નો, ઝવેરાત, કિંમતી વસ્તુઓ, વિશિષ્ટ રીતે જાહેર કર્યાં હોય તે સિવાયનાં નુકસાન અને હાનિ.

**ખાસ શરતો**

૧. અલગ રીતે નિર્દિષ્ટ કર્યા હોય અને કિંમત જણાવી હોય તે સિવાય ફર્નિચર સિવાયની કોઈ વસ્તુને આ વિભાગ હેઠળ વીમો ઉતરાવેલી રકમના ૫ % કરતાં વધારે હોવાનું માનવામાં આવશે નહિ.

૨. **સરેરાશની શરત** : આગ ફાટી નીકળવાના સમયે અથવા વીમો ઉતારેલ બીજા જોખમથી મિલકતના કોઈ નાશ અથવા નુકસાનની શરૂઆત વખતે વીમો ઉતરાવેલી મિલકતના કિંમત તેના વીમાની કિંમત કરતાં સામૂહિક રીતે વધારે હોય, તો વીમાદારને તફાવત માટે તેના વીમાકર્તા તરીકે ગણવામાં આવશે. તદ્દનુસાર પ્રમાણસર નુકસાન ભોગવશે. તેમ છતાં, વીમો ઉતરાવેલી મિલકત પરની વીમાની રકમ આવી આગ ફાટી નીકળવા સમયે અથવા આવા નુકસાન વખતે વીમો ઉતરાવેલી રકમની સામૂહિક કિંમતના ૮૫ %(પંચ્યાસી ટકા)થી ઓછી હોય, તો આ શરતનો કોઈ  હેતુ કે અસર રહેશે નહિ.

## વિભાગ ૨ - ઘરફોડી, ખાતર પાડવું અને ચોરી
## (નાણાં અને કિંમતી વસ્તુઓ સિવાય)

વીમો ઉતરાવેલ સ્થળે રાખેલી વસ્તુઓને ચોરીના ગુના સિવાય બળજબરીથી પ્રવેશ કરી ઘરફોડી, ખાતર પાડવા અને ચોરી થવાને કારણે વીમાદારને થયેલ નુકસાન કે હાનિ અંગે કંપની હાનિરક્ષા કરી આપશે.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતો અંગે જવાબદાર રહેશે નહિ :

(૧) વીમાદારના કુટુંબનો કોઈ સભ્ય મુખ્ય કે સહાયક હોય ત્યાં ઘરફોડી અને /અથવા ખાતર પાડવા અથવા ચોરીથી નુકસાન અથવા હાનિ
(૨) પશુધન, મોટરવાહન અને પેડલ સાઈકલનું નુકસાન અથવા હાનિ
(૩) ખાસ જાહેર કર્યાં હોય તે સિવાય નાણાં, નાણાંની જામીનગીરીઓ, સ્ટેમ્પ, લગડી, ખત, બોન્ડ, હૂંડી, પ્રોમિસરી નોટ, સ્ટોક અને શેર પ્રમાણપત્ર, વેપારના ચોપડા, હસ્તપ્રતો, કોઈ પણ પ્રકારના દસ્તાવેજ, ન જડેલાં રત્નો, ઝવેરાત અને કિંમતી વસ્તુઓનું નુકસાન અથવા હાનિ.

## વિભાગ ૩ : બધાં જોખમ - (ઝવેરાત અને કિંમતી વસ્તુઓ)

ભારતમાં બીજે ક્યાંક હોય ત્યારે અકસ્માત કે દુર્ભાગ્યથી ઝવેરાત અને કિંમતી વસ્તુઓને નુકસાન સંબંધમાં કંપની વીમાદાર અને તેના કુટુંબના કોઈ સભ્યને હાનિરક્ષા કરી આપશે, પરંતુ શરત એ રહેશે કે વીમાની એક મુદત દરમિયાન કોઈ એક બાબત સંબંધમાં કંપનીની જવાબદારી આ સાથેની અનુસૂચિમાં આવી વસ્તુ સામે નિયત કરેલી વીમાની રકમ કરતાં અને વીમો ઉતરાવેલી કુલ રકમ કરતાં એકંદરે વધશે નહિ. વધુમાં એ શરત રહેશે કે કોઈ વસ્તુના નુકસાનની મરામત થઈ શકે તેમ હોય ત્યાં નુકસાન પામેલી વસ્તુને તેની અગાઉની કામકાજની સ્થિતિમાં પુનઃસ્થાપન કરવા કરેલો જરૂરી ખર્ચ કંપની ચૂકવશે, પરંતુ તે આવી વસ્તુના વીમાની રકમ કરતાં વધશે નહિ. સ્પષ્ટ રીતે જાહેર અને કબૂલ કરવામાં આવે છે કે આ વિભાગ પૂરતું સરેરાશની શરત રદ કરવામાં આવી છે.

**વિસ્તરણ**

ઝવેરાત અને કિંમતી વસ્તુઓને કામચલાઉ ખસેડવામાં આવે અને વીમાદાર અથવા તેની સાથે વીમાના કોઈ એક સમય દરમિયાન એકંદરે વધુમાં વધુ ૧૨૦ (એકસો વીસ) દિવસની મુદત માટે વીમાદારના કુટુંબના કોઈ કાયમી સભ્યના કામચલાઉ રહેઠાણ માટે વપરાતા બીજા મકાનમાં ભારતમાં ગમે ત્યાં માર્ગસ્થ હોય તે દરમિયાન આવી મિલકત અન્યથા વીમો ઉતરાવેલી ન હોય ત્યાં સુધી આ પોલિસીનો વીમો ઝવેરાત અને કિંમતી વસ્તુઓને લાગુ પડે છે, પરંતુ આમ ખસેડેલી મિલકત સંબંધમાં કંપનીની જવાબદારી આ વિભાગ હેઠળ વીમાની કુલ રકમના ૧/૫ કરતાં વધશે નહિ.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતમાં જવાબદાર રહેશે નહિ :

૧. આ મિલકત લાવવામાં વપરાતાં રેલવે, ટ્રેન અથવા વહાણ અથવા હવાઈ જહાજ અથવા વાહનના અકસ્માતથી આવું નુકસાન કે હાનિ પહોંચી હોય તે સિવાય લેન્સ અથવા કાચ તે કોઈ સાધનના ભાગ હોય કે નહિ અથવા ચિનાઈ, મારબલ, ગ્રામોફોન રેકર્ડ અને બરડ અને તકલાદી પ્રકારની બીજી વસ્તુઓને તિરાડ, લિસોટા અથવા તે તૂટવાથી થતું નુકસાન અથવા હાનિ.
૨. મિલકત જેને અધીન હોય તેને સ્વચ્છ કરવાના, રંગ કરવાના, તેની મરામત અથવા પુનઃસ્થાપન કરવાની કોઈ પ્રક્રિયામાં રજકણ, ફૂગી, જીવાતથી થયેલ નુકસાન અથવા હાનિ.
૩. અધિક ચલાવવાથી, અધિક દબાણ, શોર્ટ સર્કિટ, આર્કિંગ, સ્વયં-ગરમી અથવા ગમે કારણસર વીજળીનું લિકેજ (વીજળીનો સમાવેશ થાય છે) પ્રસંગોપાત્ત વીજળી સ્થાપનના કોઈ ભાગ અથવા કોઈ ઈલેક્ટ્રિક અથવા વીજાણુ યંત્ર, છિદ્ર, જડાણ અને ફીટિંગ (વીજળીના પંખા, ગૃહોપયોગી અથવા ઘરગથ્થુ વીજળિક સાધનો, વાયરલેસ રેડિયો સેટ, ટેપરેકર્ડર, ટેલિવિઝન સેટ વગેરે)ને નુકસાન અથવા હાનિ.
૪. કાંડા ઘડિયાળ અને ભીંત ઘડિયાળની ટેકનિકલ ખોટી ગોઠવણી અથવા વધારે ચાવી આપવાથી થયેલ નુકસાન અથવા હાનિ
૫. બધાં બારી-બારણાં અને બીજા ખુલ્લા ભાગ બરાબર બંધ કર્યા હોય અને યોગ્ય રીતે જોડી દીધા હોય તેવા સંપૂર્ણ બંધ સલૂનની કાર સિવાયની કારમાંથી ચોરી
૬. માલ-સંવિદાના કરાર નીચે વાહકથી થયેલ નુકસાન અથવા હાનિ.

**ખાસ શરત**

આની નીચે વીમો ઉતરાવેલી કોઈ વસ્તુ જોડીમાં અથવા સેટમાં હોય ત્યાં કંપનીની તે અંગેની જવાબદારી આવી જોડી અથવા સેટના ભાગ તરીકે આવી વસ્તુઓની કોઈ ખાસ કિંમતના સંદર્ભ સિવાય ગૂમ થયેલા અથવા નુકસાન પામેલા અમુક ભાગ કે ભાગોની કિંમત કરતાં વધે નહિ ત્યાં જોડી અથવા સેટની વીમાની કિંમતના પ્રમાણસર ભાગ કરતાં વધારે રહેશે નહિ.

## વિભાગ ૪ : ખેતી માટે ટ્રેક્ટર

મોટર પોલિસી વાણિજ્યિક વાહનો અંગે શરતો અપવાદ અને તેમાં જણાવેલી સ્થિતિ અને અહીં વ્યક્ત કરેલી બાબતોને અધીન રહેશે.

## વિભાગ ૧ : નુકસાન અથવા હાનિ

૧. કંપની મોટર વાહન અને તેની સહાયક સામગ્રીને નીચેનાં કારણોસર નુકસાન અથવા હાનિ સામે હાનિરક્ષા કરી આપશે :

(ક) આગવિસ્ફોટ, જાતે સળગવા અથવા વીજળીથી
(ખ) ઘરફોડી, ખાતર પાડવા અથવા ચોરીથી
(ગ) હુલ્લડ અને હડતાળથી
(ઘ) ધરતીકંપ (આગ અને આંચકાથી નુકસાન)થી
(ચ) પૂર, વાવાઝોડું, ચક્રવાત, વંટોળિયા, તોફાન, બરફના કરા, હિમકણી(frost)ના વરસાદથી
(છ) આકસ્મિક બાહ્ય સાધનોથી
(જ) દ્વેષપૂર્ણ કાર્યથી
(ઝ) આતંકવાદીથી
(ટ) માર્ગ, રેલ, અંતર્દેશીય જળમાર્ગ, લિફ્ટ એલિવેટરથી માર્ગસ્થ હોય ત્યારે ભાગ બદલ્યા હોય તે સંબંધમાં નીચે દર્શાવેલ દરે કપાત કે ઘસારાને અધીન રહીને :

૧. રબર, નાયલોન, પ્લાસ્ટિકના બધા ભાગ, ટાયર અને બેટરી માટે ...... ૫૦ ટકા
૨. કાચમાંથી બનેલા બધા ભાગ માટે .............. કંઈ નહિ
૩. બીજા બધા ભાગ માટે ............

| **વાહનની આવરદા** | **ઘસારાના ટકા** |
|---|---|
| ૬ મહિના સુધી | કંઈ નહિ |
| ૬ મહિનાથી ૧ વર્ષ | ૫ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષ | ૧૦ ટકા |
| ૨ વર્ષથી ૩ વર્ષ | ૧૫ ટકા |
| ૩ વર્ષથી ૪ વર્ષ | ૨૫ ટકા |
| ૪ વર્ષથી ૫ વર્ષ | ૩૫ ટકા |
| ૫ વર્ષથી ૧૦ વર્ષ | ૪૦ ટકા |
| ૧૦ વર્ષથી વધારે | ૫૦ ટકા |

૨. નીચેના અંગે કોઈ ચુકવણી કરવા કંપની જવાબદાર રહેશે નહિ :

(ક) અતિભાર અથવા મોટર વાહનના તણાવ(strein)થી થયેલા નુકસાન, ઘસારો, તૂટફૂટ, યાંત્રિક અથવા ઈલેક્ટ્રિકલ તૂટ, નિષ્ફળતા અથવા તૂટફૂટ અથવા નુકસાનના પારિણામિક નુકસાન; મોટર વાહન તે જ સમયે ચોરાયું હોય તે સિવાય ઘરફોડ, ખાતર પાડવા અથવા ચોરીથી સહાયક સામગ્રીને થયેલ નુકસાન અથવા હાનિ માટે

(ખ) વાહન બદલી આપવાના ખર્ચ અંગે કંપનીની જવાબદારી ૫૦ (પચાસ) ટકા જેટલી મર્યાદિત હોય તે જ વખતે મોટરવાહનને આવું નુકસાન થયું હોય તે સિવાય ટાયરને નુકસાન.

(ગ) વીમાદારની જાણ અને સંમતિથી વાહન ચલાવતી કોઈ વ્યક્તિ માદક દારૂ અથવા ડ્રગની અસર હેઠળ હોય ત્યારે થયેલ કોઈ આકસ્મિક નુકસાન અથવા હાનિ.

૩. આ પોલિસી હેઠળ આવરી લેવાયેલ નુકસાન અથવા હાનિના કારણે મોટર વાહનની શક્તિ ઘટી ગઈ હોય ત્યારે તેનું રક્ષણ કરવાનું અને તદ્દન નજીકના સ્થળે મરામત કરવાનું અને વીમાદારને ફરી સોંપવાનું ખર્ચ કંપની ભોગવશે, પરંતુ કોઈ એક અકસ્માત બાબતમાં તે ખર્ચ રૂ. ૧૦૦૦ (એક હજાર) કરતાં વધશે નહિ.

૪. નુકસાનથી જરૂરી બનેલ મોટર વાહનની મરામતને વીમાદાર અધિકૃત કરી શકે. તે માટે કંપની આ પોલિસી હેઠળ જવાબદાર રહે, પરંતુ -

(ક) આવી મરામતનું અંદાજી ખર્ચ રૂ. ૫૦૦થી વધતું ન હોય,
(ખ) કંપનીને ખર્ચનો વિગતવાર અંદાજ તરત જ રજૂ કરવામાં આવ્યો હોય; અને
(ગ) આ મરામત જરૂરી છે અને ચાર્જ વાજવી છે તે જોવા માટે વીમાદાર કંપનીને તમામ સહાય આપશે.

## વિભાગ ૨ : ત્રીજા પક્ષકાર પ્રત્યે જવાબદારી

૧ આ સાથેની અનુસૂચિમાં નિયત કર્યા પ્રમાણે જવાબદારીની મર્યાદાને અધીન રહીને કંપની દાવાદારના ખર્ચ સહિત બધી રકમ સામે વીમાદારની હાનિરક્ષા આપશે, તે વીમાદાર નીચેના અંગે ચૂકવવા કાયદેસર જવાબદાર બનશે.

(ક) મોટરવાહનમાં ભરવા અને ખાલી કરવા સહિત તેના ઉપયોગમાંથી થયેલ કોઈ વ્યક્તિનું મૃત્યુ અથવા શારીરિક ઈજા.
(ખ) મોટરવાહનમાં ભરવા અને ખાલી કરવા સહિત તેના ઉપયોગથી થયેલ મિલકતને નુકસાન.

પરંતુ હમેશાં એ શરતે કે –

(ક) મોટરવાહનમાં માલ ભરવા માટે લાવવા અને તેમાંથી માલ ખાલી કર્યા પછી માલ લઈ જવા સંબંધમાં વાહનમાર્ગ અથવા રાહદારી માર્ગની મર્યાદાથી બહાર થયેલ મૃત્યુ અથવા ઈજા બાબતમાં કંપની જવાબદાર રહેશે નહિ.

(ખ) મોટરવાહન અધિનિયમની જરૂરિયાતોને પહોંચી વળવા જરૂરી હોય તે સિવાય, આવી નિમણૂક દરમિયાન થતા વીમાદારના રોજગારમાં કોઈ વ્યક્તિના થયેલા મૃત્યુ અથવા શારીરિક ઈજા માટે કંપની જવાબદાર રહેશે નહિ.

(ગ) કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જવાબદારી સંબંધમાં મોટરવાહન અધિનિયમની જરૂરિયાતોને પહોંચી વળવા જરૂરી હોય તે સિવાય, જેમાંથી દાવો ઊભો થયો હોય તે બનાવ બનતી વખતે મોટરવાહનમાં ચડતાં અથવા તેમાંથી ઊતરતાં અથવા તેમાંથી બહાર નીકળતાં કોઈ વ્યક્તિ (રોજગારના કરાર અનુસાર લીધેલા ઉતારુ સિવાય)નું મૃત્યુ થાય અથવા તેને શારીરિક ઈજા થાય તો કંપની જવાબદાર રહેશે નહિ.

(ઘ) વીમાદાર અથવા વીમાદારના કુટુંબના સભ્યની કસ્ટડી અથવા નિયંત્રણમાં હોય તેવા મોટરવાહનમાંથી ટ્રસ્ટની મિલકતને થયેલ નુકસાન બાબતમાં કંપની જવાબદાર રહેશે નહિ.

(ચ) મોટરવાહનના વજન અને/અથવા મોટરવાહન લઈ જતું હોય તે ભારથી અથવા ધ્રુજારીથી પુલ અને/અથવા સેતુપુલ(Viaduct)ને થયેલ નુકસાન બાબતમાં કંપની જવાબદાર રહેશે નહિ.

૨. કંપનીની લેખિત સંમતિથી કરેલા બધા ખર્ચ કંપની ચૂકવશે.

૩. વીમાદારને આ વિભાગથી અપાયેલ હાનિરક્ષાની મર્યાદાને અધીન રહીને, વીમાદારના આદેશથી અથવા તેની પરવાનગીથી મોટરવાહન ચલાવતા કોઈ પણ ડ્રાઈવરને કંપની હાનિરક્ષા કરી આપશે, પરંતુ ડ્રાઈવર વીમાદાર હોય તેમ તેનું પાલન અને શરતો પરિપૂર્ણ કરે અને લાગુ પડતી આ પોલિસીની શરતો અને નિષેધને અધીન રહેશે.

૪. આ વિભાગ હેઠળ હાનિરક્ષાને અધીન હોય તેવા કોઈ બનાવને લગતા કાર્ય અથવા કહેવાતા ગુના સંબંધમાં કાયદાની કોઈ કોર્ટમાં, કંપની તેના પોતાના વિકલ્પે (ક) આ વિભાગ હેઠળ હાનિરક્ષાને વિષય હોય તેવા કોઈ મૃત્યુ સંબંધમાં પ્રાણઘાતક ઈજા માટે કોઈ તપાસમાં પ્રતિનિધિત્વની વ્યવસ્થા કરી શકે, (ખ) કાર્યવાહીનું રક્ષણ હાથ ધરી શકે.

૫. આ પોલિસી હેઠળ હાનિરક્ષા માટે હકદાર વ્યક્તિના મૃત્યુના બનાવમાં, કંપની આવી વ્યક્તિએ કરેલી જવાબદારી સંબંધમાં આ પોલિસીની મર્યાદાઓને અધીન રહીને તેના અંગત પ્રતિનિધિઓને હાનિરક્ષા કરી આપશે, પરંતુ એ શરતે કે તે અંગત પ્રતિનિધિઓ તેઓ વીમાદાર હોય તેમ, લાગુ પડતી પોલિસીની શરતો અને અપવાદોને અધીન રહીને તેનું પાલન કરશે અને પરિપૂર્ણ કરશે.

## વિભાગ ૩ : નબળાં વાહનોને ખેંચવાં (towing)

યાંત્રિક રીતે ચાલતાં નબળા પડી ગયેલાં વાહને ખેંચવા માટે મોટરવાહનનો ઉપયોગ કરતા હોય ત્યારે આ પોલિસી અમલમાં રહેશે. આ પોલિસીના વિભાગ ૨ એમાં જોગવાઈ કરેલી હાનિરક્ષા તેની શરતો અને મર્યાદાઓને અધીન રહીને, આવા ખેંચેલા વાહન સંબંધમાં જવાબદારીને પણ લાગુ પડશે. પરંતુ હમેશાં એ શરત રહેશે કે :

(ક) આવું ખેંચેલું વાહન ઈનામ માટે ખેંચેલું ન હોય,

(ખ) આવા ખેંચેલા વાહન અથવા મિલકતને નુકસાન બાબતમાં પોલિસીના આ વિભાગથી કંપની જવાબદાર રહેશે નહિ.

## સામાન્ય અપવાદ

કંપની આ પોલિસી હેઠળ નીચેની બાબતમાં જવાબદાર રહેશે નહિ :

૧. ભૌગોલિક વિસ્તાર બહાર થયેલા, વેઠેલા કે કરેલા કોઈ આકસ્મિક નુકસાન કે હાનિ.

૨. કરારની જવાબદારીમાંથી ઊભા થતા દાવા.

૩. (ક) મોટરવાહનના ઉપયોગ બાબતમાં મર્યાદા અનુસાર અન્યથા ઉપયોગ કર્યો હોય, (ખ) ડ્રાઈવર અંગેના ખંડમાં જણાવ્યા મુજબ ડ્રાઈવર સિવાયની વ્યક્તિ તે ચલાવતી હોય ત્યારે થયેલી, કરેલી કે ભોગવેલી આકસ્મિક નુકસાન અથવા હાનિ.

૪ (ક) કોઈ મિલકતને આકસ્મિક નુકસાન કે હાનિ અથવા તેમાંથી ઊભા થતા અથવા પરિણમતા કોઈ નુકસાન કે ખર્ચ અથવા કોઈ પારિણામિક નુકસાન

(ખ) આયનીત કરેલ કિરણોત્સર્ગ અથવા કોઈ અણુ બળતણમાંથી રેડિયો-એક્ટિવિટી અથવા અણુ બળતણના દહનમાંથી, કોઈ અણુ બગાડમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલી અથવા ઊભી થતી કે ફાળો આપતી કોઈ પણ પ્રકારની જવાબદારી. આ અપવાદના હેતુ માટે દહનમાં અણુ વિભાજનની આત્મનિર્ભર પ્રક્રિયાનો સમાવેશ થશે.

૫. અણુ સાધનોની સામગ્રીમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઊભી થતી અને થયેલી કે ફાળો આપતા કોઈ અકસ્માત નુકસાન કે હાનિ.

૬. યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કાર્ય, દુશ્મનાવટ, યુદ્ધ જેવી કામગીરી (યુદ્ધ જાહેર કર્યા પહેલાં કે પછી), આંતરવિગ્રહ, બળવો, લશ્કરનો વિદ્રોહ (mutiny), લશ્કરી કે છીનવી લીધેલી સત્તા અથવા ઉપરના કોઈ પણ બનાવના પરિણામે અથવા તે સંબંધમાં કે તેમાંથી ઊભાં થતાં કે તેના પરિણામે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અથવા નજીકમાં કે દૂર થયેલા કોઈ અકસ્માત, નુકસાન, હાનિ અને / અથવા જવાબદારી. આની નીચેના કોઈ દાવા સંબંધમાં, વીમાદાર એવું સાબિત કરશે કે અકસ્માત, નુકસાન, હાનિ અને / અથવા જવાબદારી સ્વતંત્ર રીતે ઊભાં થયાં હતો અને તેને ઉક્ત બનાવો અથવા તેનાં પરિણામનો તેમાં કોઈ ફાળો નથી કે કારણરૂપ નથી. આવી સાબિતી ન અપાય તો કંપની આવા દાવા સંબંધમાં ચુકવણી કરવા જવાબદાર રહેશે નહિ.

## બોનસ / માલસ અંગેનો ખંડ

તે તારીખે લાગુ પડતા ભારતીય મોટર ટેરિફ મુજબ વાહન બાબતમાં રીન્યુ કરેલ વીમાના આવા ભાગ માટેના પ્રીમિયમ પર વટાવની છૂટ અપાય અથવા માલ ભરવાનો ચાર્જ કરાય.

## શરતો

૧. કોઈ અકસ્માત અથવા નુકસાન અથવા હાનિનો બનાવ બનતાં, કંપનીને તરત લેખિત નોટિસ આપવામાં આવશે. કોઈ દાવા અને તે પછી વીમાદાર કંપનીને જરૂરી પડે તે બીજી બધી માહિતી અને સહાય આપશે. દરેક પત્ર, દાવો, સમન્સ અને / અથવા પ્રક્રિયા તરત જ કંપનીને રવાના કરશે અને વીમાદાર તેની પહોંચ મેળવશે. આ પોલિસી હેઠળ દાવો કરવાનો થાય તેવા બનાવમાં કોઈ પડતર ફરિયાદ, અપમૃત્યુની તપાસ, પ્રાણઘાતક અકસ્માતની તપાસની વીમાદારને જાણકારી આપી હશે તે અંગે તરત જ કંપનીને નોટિસ આપવામાં આવશે. ચોરી અથવા બીજું ગુનાહિત કામ આ પોલિસી હેઠળ દાવાનો વિષય બને તે અંગે વીમાદાર પોલીસને તાત્કાલિક નોટિસ આપશે અને ગુનેગારની ગુના-સાબિતી મેળવવામાં કંપનીને સહકાર આપશે.

૨. કંપનીની લેખિત સંમતિ સિવાય, વીમાદાર વ્યક્તિ વતી કોઈ કબૂલાત, પ્રસ્તાવ, વચન અથવા હાનિરક્ષા કરવામાં કે આપવામાં નહિ આવે. કંપની ઈચ્છે તો વીમાદારના નામે કોઈ દાવાની પતાવટના રક્ષણ માટે દાવો હાથ ધરવા હકદાર અથવા તેના પોતાના લાભ માટે વીમાદારના નામે હાનિરક્ષા અથવા નુકસાન માટે કોઈ દાવા અંગે ફરિયાદ માંડવામાં, કોઈ દાવાની પતાવટ અથવા કાર્યવાહી ચલાવવામાં સંપૂર્ણ વિવેકાધિકાર રહેશે. વીમાદાર કંપનીને જોઈતી માહિતી અને મદદ આપશે.

૩. આ પોલિસીના પેટા-વિભાગ ૨ હેઠળ દાવાને કારણ આપતો કોઈ બનાવ બન્યા પછી કોઈ પણ વખતે કંપની તે વિભાગ હેઠળ કંપની, કંપનીની જવાબદારીની પૂરેપૂરી રકમ વીમાદારને ચૂકવે અને રક્ષણ, પતાવટ અથવા કાર્યવાહી સંબંધમાં કંપનીના કોઈ કહેવાના કાર્ય અથવા કાર્યલોપના પરિણામે વીમાદારને થતું હોવાનું કહેવાતું કોઈ રક્ષણ હાથ ધરવાનું છોડી દે. વીમાદાર અથવા કોઈ દાવાદાર અથવા બીજી વ્યક્તિએ કરેલા ગમે તેટલા ખર્ચ માટે કંપનીએ આ કામગીરી છોડી દીધી હોય તે પછી કંપની જવાબદાર રહેશે નહિ.

૪. કંપની તેના પોતાના વિકલ્પે મોટરવાહન અથવા તેના ભાગ અને / અથવા સહાયક સામગ્રીની મરામત કરાવે, તેનું પુનઃસ્થાપન કરે અથવા બદલે અથવા નુકસાન કે હાનિની રકમ રોકડી ચૂકવે. કંપનીની જવાબદારી નુકસાન અથવા હાનિની રકમ કરતાં અથવા નુકસાનમાંથી ઘસારો બાદ કર્યા પછી અને તેમાં ફીટિંગનું ખર્ચ ઉમેરતાં જે રકમ આવે તે રકમ કરતાં વધશે નહિ. તે વીમાદારના મોટરવાહન (તેની સહાયક સામગ્રી સહિત)ની કિંમતના અંદાજ, તેમાંથી જે ઓછું હોય તે કરતાં વધશે નહિ.

૫. વીમાદાર મોટરવાહનને નુકસાન અને હાનિથી સલામત રાખવા અને તેને કાર્યક્ષમ સ્થિતિમાં રાખવા તમામ જરૂરી પગલાં લેશે. વળી કંપનીને મોટરવાહન અને તેના ભાગ અથવા વીમાદારના ડ્રાઈવર અથવા કર્મચારીને ગમે તે સમયે તપાસવા સંપૂર્ણ અને મુક્ત પ્રવેશ મળશે. અકસ્માત અથવા ખોટકાઈ જવાના પ્રસંગે તેને વધારે નુકસાન અથવા હાનિ થતી અટકાવવા મોટર વાહનને યોગ્ય સાવચેતી લીધા સિવાય નોંધારું છોડવામાં નહિ આવે. જરૂરી મરામત થઈ ગયા પહેલાં મોટર વાહન ચલાવવામાં આવે, તો મોટર વાહનને વધારે નુકસાનનું કોઈ વિસ્તરણ કરાશે નહિ. તે સમગ્ર પણે વીમાદારના પોતાના જોખમે રહેશે.

૬. કંપની વીમદારને તેના પ્રથમ જાણેલા સરનામે રજિસ્ટર્ડ પત્રથી સાત દિવસની નોટિસ આપીને આ પોલિસી રદ કરી શકશે. આમ થતાં, પોલિસી અમલમાં હોય તેટલા સમય માટેનો ભાગે પડતો ભાગ બાદ કરીને કંપની વીમાદારને ચૂકવેલું પ્રીમિયમ પાછું મોકલશે. વીમાના હાલના સમય દરમિયાન કોઈ દાવો ન કર્યો હોય એ શરતે વીમાદાર પણ કંપનીને સાત દિવસની નોટિસ આપીને કોઈ પણ સમયે પોલિસી રદ કરાવી શકશે. આમ થતાં કંપનીના ટૂંકી મુદતના દરે થતું પ્રીમિયમ બાદ કરીને બાકી રકમ મેળવવા વીમાદાર હકદાર રહેશે.જોકે, વાહનની માલિકી તબદીલ કરવામાં આવી હોય ત્યાં વાહનનો અન્યત્ર વીમો ઉતરાવ્યો હોય તે સિવાય, પોલિસી રદ કરી શકાશે નહિ.

૭. આ પોલિસી હેઠળ ચૂકવવાના પ્રમાણ અંગે કોઈ તફાવત ઊભો થાય (અન્યથા જવાબદારી કબૂલ રખાઈ હોય) તો આવો તફાવત, મતભેદ ધરાવતા પક્ષકારોએ લેખિતમાં નીમવાના લવાદના નિર્ણય માટે સ્વતંત્ર રીતે બધા પ્રશ્નો સાથે પૂછવાના રહેશે. તે એક લવાદના નિર્ણય અંગે સંમત ન થઈ શકે, તો બે તટસ્થ વ્યક્તિઓના નિર્ણય માટે પુછાવાશે. તેમાં વખતોવખત સુધાર્યા પ્રમાણેના અને તે સમયે અમલમાં હોય તેવા લવાદ અધિનિયમ, ૧૯૪૦ની જોગવાઈઓ અનુસાર બીજા પક્ષકારે લેખિતમાં તેમ કરતાં જણાવ્યા પછી બે કેલેન્ડર મહિનાની અંદર દરેક પક્ષકારે લેખિતમાં લવાદ નીમવાના રહેશે. નિમણૂક જરૂરી હોવાની લેખિતમાં નોટિસ મળ્યા બાદ બે કેલેન્ડર મહિનાની અંદર કોઈ એક પક્ષકાર લવાદ નીમવા ના પાડે અથવા લવાદ ન નીમી શકે, તો બીજા પક્ષકાર સંપૂર્ણ લવાદ નીમવા સ્વતંત્ર રહેશે. લવાદ વચ્ચે અસંમતિ રહે, તો આ તફાવત અંપાયરના નિર્ણયને પુછાવવામાં આવશે. તેમણે તેમને પુછાણ કરતાં પહેલાં લેખિતમાં નીમવાના રહેશે. તે લવાદો સાથે બેસશે અને બેઠકનું પ્રમુખસ્થાન સંભાળશે.

એટલું સ્પષ્ટપણે કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે કે કંપનીએ વિવાદ કર્યો હોય અથવા આ પોલિસી અંગેની જવાબદારી ન સ્વીકારી હોય, તો તેવો તફાવત કે વિવાદ લવાદને પુછાવવામાં નહિ આવે.
વળી આથી સ્પષ્ટપણે નિયત કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે આ પોલિસી અંગે દાવો માંડવો કે કાર્યવાહી કરવાના કોઈ હક બાબતમાં આવા લવાદ અથવા અંપાયરનો નુકસાન અથવા હાનિની રકમનો એવોર્ડ પ્રથમ મેળવવાની પૂર્વશરત રહેશે.
આથી સ્પષ્ટપણે કબૂલ કરવામાં અને એકરાર કરવામાં આવે છે કે કંપની આની નીચેના કોઈ દાવા માટે વીમાદાર પ્રત્યેની જવાબદારી ન સ્વીકારે અને આવી અસ્વીકૃતિની તારીખથી બાર કેલેન્ડર મહિનાની અંદર કાયદાની કોર્ટમાં આવી અસ્વીકૃતિને વિષય-વસ્તુ ન બનાવી હોય, તો દાવાને તમામ હેતુઓ માટે છોડી દીધો હોવાનું ગણવામાં આવશે અને ત્યારબાદ તે આની નીચે વસૂલ કરી શકાશે નહિ.
૮. આ પોલિસી નીચે ચુકવણી કરવા કંપનીની કોઈ જવાબદારી અંગે વીમાદારે કંઈ કરવાના કે પાલન કરવાને લગતી પોલિસીની શરતો અને શેરાના યોગ્ય પાલન અને પૂરિપૂર્ણ કરવાની અને નિવેદનો અને જવાબ સાચા હોય તે પૂર્વ-શરત રહેશે.

## શેરા

અનુસૂચિમાં દર્શાવેલા લાગુ પડતા શેરા જ પોલિસીનો ભાગ બનશે.

## આઈએમટી ૧૯ : મોટરવાહન ચલાવવા સંબંધમાં પગારદાર ડ્રાઈવર અંગે કાયદેસર જવાબદારી

વધારાનું પ્રીમિયમ ચૂકવવાના અવેજમાં, આથી કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે કે આમાં ગમે તે અન્યથા જણાવ્યું હોય તે છતાં, કંપની વીમાદારને તેની નીચેની કાયદેસર જવાબદારીની હાનિરક્ષા કરી આપશે : આ શેરા અગાઉ કામદાર અધિનિયમ, પ્રાણઘાતક અકસ્માત અધિનિયમ અથવા મોટર વાહનને લગતા આવા વ્યવસાયમાં વીમાદારની નોકરીમાં રખાયેલ પગારદાર ડ્રાઈવરને અંગત ઈજા સંબંધમાં સર્વસામાન્ય કાયદા મુજબ અને તેની લેખિત સંમતિથી કરેલા બધા ખર્ચ માટે તે જવાબદાર રહેશે.

ડ્રાઈવર અને / અથવા કન્ડક્ટર માટે રૂ. ૧૫ના દરે સંબંધિત વાહનનો વીમો લેતી વખતે પ્રીમિયમ ગણીને ભરી દીધું હશે. પરંતુ હમેશાં એ શરત રહેશે કે -

૧. પોતાના સામાન્ય કર્મચારીઓ માટે આમાં વ્યાખ્યા કરેલી જવાબદારી સંબંધમાં કોઈ વીમા કંપની અથવા વીમો લેનારના જૂથ પાસે પાછળથી વીમો લીધો હોય અથવા ધરાવતો હોય ત્યાં કોઈ જવાબદારી સંબંધમાં વીમાદારને આ શેરો હાનિરક્ષા કરી આપતો નથી.
૨. વીમાદાર અકસ્માત નિવારવા યોગ્ય સાવચેતી લેશે અને તમામ વૈધાનિક જવાબદારીઓનું પાલન કરશે.
૩. વીમાદારની વિનંતીથી પોલિસી રદ કરવામાં આવે, તો આ શેરા અંગે ચૂકવેલ પ્રીમિયમ પરત કરવા દેવાશે નહિ.

મોટરવાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૧૪૭ની જરૂરિયાતોને પહોંચી વળવાનું જરૂરી હોય તે સિવાય તે આ પોલિસી શરતો, અપવાદ અને મર્યાદાઓને અધીન રહેશે.

## આઈએમટી ૨૧ : હુલ્લડ, હડતાળ અને આતંકવાદ બાકાત

પોલિસી હેઠળ યોગ્ય વટાવના અવેજમાં આથી કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે કે પોલિસીના વિભાગ ૧ બાબત 'સી'ના 'હુલ્લડ અને હડતાળ' શબ્દો અને પોલિસીની બાબત ૨ના 'આતંકવાદી પ્રવૃત્તિ' શબ્દો આથી રદ કરવામાં આવે છે. કંપની નીચેનામાંથી પ્રત્યક્ષ ઊભી થતી જવાબદારી અથવા આકસ્મિક નુકસાન બદલ જવાબદાર રહેશે નહિ :

૧. જાહેર શાંતિમાં કોઈ ખલેલ(હડતાળ અથવા તાળાબંધી સંબંધમાં કે અન્યથા) બીજાઓ સાથે કોઈ વ્યક્તિ ભાગ લેવાનું કાર્ય અથવા આવી ખલેલને દાબી દેવા અથવા દાબી દેવાનો પ્રયાસ કરવાનું કાયદેસર નિમાયેલ સત્તાધિકારીનું આવા ખલેલનાં પરિણામ ઘટાડવાનું કાર્ય.
૨. હડતાળ આગળ વધારવામાં અથવા તાળાબંધીનો પ્રતિકાર કરવાનું ઈચ્છાપૂર્વકનું કાર્ય અથવા આવા કોઈ કાર્યનાં પરિણામ ઘટાડવાનું કે ઘટાડવા પ્રયત્ન કરવાનું કોઈ કાયદેસર સત્તાધિકારીનું કાર્ય.

કોઈ દાવો ઊભો થાય, તો વીમાદાર સાબિત કરશે કે અકસ્માત, નુકસાન અથવા જવાબદારી સ્વતંત્ર રીતે ઊભી થઈ છે, તે ઉક્ત બનાવ સાથે કોઈ પણ રીતે સંકળાઈ કે બની નથી કે તેમાં તેનો કોઈ ફાળો નથી કે તે કારણરૂપ નથી. આવી સાબિતી આપવામાં કસૂર કરાય, તો કંપની આવો દાવો ચૂકવવા જવાબદાર રહેશે નહિ.

અન્યથા આ પોલિસીની શરતો, અપવાદ અને મર્યાદાઓને અધીન રહેશે.

## આઈએમટી ૨૨ : ખાસ જોખમો બાકાત (ધરતીકંપ, આગ અને આંચકાથી નુકસાન)

આ પોલિસી હેઠળ યોગ્ય વટાવના અવેજમાં આથી કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે કે પોલિસીના વિભાગ ૧ બાબતોમાં ધરતીકંપ (આગ અને આંચકાથી નુકસાન), પ્રચંડ વાવાઝોડું, વાવાઝોડું, તોફાન, પાણીથી ડૂબમાં જવું, ચક્રવાત, બરફના કરાનું તોફાન, ધુમ્મસ) આથી રદ કરવામાં આવે છે. કંપની ઉપરનાં જોખમોમાંથી પ્રત્યક્ષ ઊભા થતા આકસ્મિક નુકસાન અને થયેલી હાનિ કે જવાબદારી બદલ કંપનીની જવાબદારી રહેશે નહિ. કોઈ દાવો ઊભો થતાં, વીમાદાર સાબિત કરશે કે અકસ્માત, નુકસાન અથવા જવાબદારી સ્વતંત્ર રીતે ઊભી થઈ છે, તે ઉક્ત બનાવ સાથે કોઈ પણ રીતે સંકળાઈ કે થઈ નથી કે તેમાં તેનો કોઈ ફાળો નથી કે તે કારણરૂપ નથી. આવી સાબિતી આપવામાં કસૂર કરાય, તો કંપની આવો દાવો ચૂકવવા જવાબદાર રહેશે નહિ.

## આઈએમટી ૨૩ : ખાસ જોખમ બાકાત (પૂર, પ્રચંડ તોફાન)

આ પોલિસી હેઠળ યોગ્ય વટાવના અવેજમાં આથી કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે કે આ પોલિસીના વિભાગ ૧ની બાબત (ઇ) માંના શબ્દો 'પૂર, પ્રચંડ તોફાન, વાવાઝોડું, બરફના કરા, ધુમ્મસ' આથી રદ કરવામાં આવે છે. તેથી ઉપરનાં જોખમોમાંથી થતા આકસ્મિક નુકસાન અથવા હાનિ અને પ્રત્યક્ષ રીતે ઊભી થતી જવાબદારી માટે કંપની જવાબદાર રહેશે.

કોઈ દાવો ઊભો થતાં, વીમાદાર સાબિત કરે કે અકસ્માત, નુકસાન અથવા હાનિ સ્વતંત્ર રીતે ઊભાં થયાં હતાં અને તે ઉક્ત બનાવ સાથે કોઈ પણ રીતે સંકળાઈ કે થઈ નથી કે તેમાં તેનો કોઈ ફાળો કે કારણરૂપ નથી. આવી સાબિતી ન આપી શકાય, તો કંપની આવો દાવો ચૂકવવા જવાબદાર રહેશે નહિ.

## આઈએમટી ૨૪ : ભાગ બદલવા

આ પોલિસીમાં અન્યથા જણાવ્યું હોય તે છતાં આથી કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે કે મોટરવાહન અથવા તેની સહાયક સામગ્રીને નુકસાન અથવા હાનિ થતાં, દેશમાં રખાતા તેના જથ્થામાંથી છૂટો ભાગ પૂરો પાડવાની જરૂરિયાત ઊભી થાય તેમાં મોટરવાહન મરામત માટે રખાયું હોય અથવા શરત અનુસાર વિકલ્પનો ઉપયોગ કરી કંપની નુકસાન અથવા હાનિની રકમ રોકડી ચૂકવવાનું નક્કી કરે, તો આવા કોઈ ભાગ બાબતમાં કંપનીની જવાબદારી નીચેના પૂરતી મર્યાદિત રહેશે :

(ક) ૧. જે દેશમાં મોટરવાહન મરામત માટે રાખ્યું હોય તે દેશના ઉત્પાદકો અથવા તેમના એજન્ટોએ બહાર પાડેલ અદ્યતન કેટલોગ અથવા ભાવયાદીમાં ટાંકેલી કિંમત બાદ ઘસારા ખર્ચ

**અથવા**

૨. આવું કેટલોગ કે ભાવયાદી ન હોય, તો મોટરવાહન જે દેશમાં મરામત માટે રાખ્યું હોય તે ઉત્પાદકના કારખાનામાં છેલ્લે મળેલી કિંમત વત્તા દેશમાં હવાઈ સિવાય વાજબી પરિવહન અને સંબંધિત આયાત ડ્યુટી બાદ પોલિસી હેઠળ લાગુ પડતો ઘસારો

**અને**

(ખ) આ પોલિસીની શરતો, અપવાદ અને મર્યાદાઓને અધીન રહીને આવો ભાગ ફિટ કરવાનું વાજબી ખર્ચ

## આઈએમટી ૨૬ : ફરજિયાત વધારે ખર્ચ (excess) (ફક્ત વાણિજ્યિક વાહનો)

આમાં અન્યથા ગમે તે હોવા છતાં, આથી કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે કે :

(ક) વાહનના સંપૂર્ણ નાશની બાબત સિવાય, કંપની, પોલિસીના વિભાગ ૧ હેઠળ વાહનના લેમ્પ, ટાયર, મડગાર્ડ અને / અથવા બોનેટ, બમ્પરના બાજુના ભાગ અને / અથવા રંગને નુકસાન અથવા હાનિ માટે જવાબદાર રહેશે નહિ.

(ખ) ઉપરના ફકરા (ક) હેઠળ વીમાદાર જવાબદાર હોય અથવા કુલ નુકસાન બાબતમાં, આ પોલિસી હેઠળ જેના માટે જોગવાઈ કરવામાં આવી હોય તે કરવાના કોઈ ઓછા ખર્ચ માટે પ્રથમ રૂ............ માટે દરેક બનાવ સંબંધમાં પોલિસીના વિભાગ ૧ હેઠળ જવાબદાર રહેશે. પોલિસી હેઠળ જેના માટે જોગવાઈ કરવામાં આવી છે અને આ પોલિસીની શરત ૪ હેઠળ વિવેકાધિકારનો ઉપયોગ કરીને કંપનીએ કરેલ કોઈ ખર્ચ. કંપનીએ કરેલા ખર્ચમાં, આની નીચે વીમાદાર જવાબદાર હોય તે માટેની રકમનો સમાવેશ થાય, તો આવી રકમ વીમાદાર તરત જ કંપનીને પરત ચૂકવશે.

આ શેરાના હેતુ માટે 'બનાવ' શબ્દનો અર્થ જેના માટે આ પોલિસીની હેઠળ હાનિરક્ષાની સગવડ કરવામાં આવી છે તે મોટર વાહન સંબંધમાં એક કારણમાંથી ઊભા થતા શ્રેણીબંધ બનાવો થાય છે.

આ પોલિસીની શરતો, અપવાદ અને મર્યાદાઓને અધીન રહીને.

## આઈએમટી ૫૫ : આડગીરો કરારને અધીન વાહનો

આથી કબૂલ કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે વીમાદારનું મોટરવાહન ....... (હવે પછી સાનગીરો રાખનાર તરીકે જણાવેલ) પાસે આડગીરો/સાનગીરો મૂક્યું છે. ઉક્ત વાહનને થયેલ નુકસાન અથવા હાનિ બાબતમાં આ પોલિસી હેઠળ વીમાદારને શેરો ન હોય, તો ચૂકવવાપાત્ર નાણાંમાં હિત છે. આ નુકસાન અથવા હાનિ, મરામત, પુનઃસ્થાપન અથવા બદલવાથી સરખું થાય તેમ નથી અને તેઓ મોટરવાહન સાનગીરે રાખનાર છે ત્યાં સુધી આવાં નાણાં ઉક્ત સાનગીરો રાખનારને ચૂકવવામાં આવશે અને તેમની પહોંચ આવા નુકસાન અથવા હાનિ બાબતમાં કંપનીને પૂરી અને આખરી ચુકવણી રહેશે.

આ શેરાથી સ્પષ્ટ રીતે કબૂલ કર્યું હોય તે સિવાય, આ પોલિસી અથવા કોઈ શરતો, જોગવાઈ સંબંધમાં અથવા નીચે અનુક્રમે વીમાદાર અથવા કંપનીના હક અથવા જવાબદારીમાં કોઈ ફેરફાર કરાશે નહિ કે તેની અસર પહોંચશે નહિ.

## આઈએમટી ૭૦ : મિલકતના નુકસાનની જવાબદારીની મર્યાદામાં વધારો :

₹........ના વધારાના પ્રીમિયમની ચુકવણીના અવેજમાં, આથી કબૂલ કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે આ પોલિસી વિભાગ ૩ (૨) હેઠળ વીમાદારની મિલકત અથવા ટ્રસ્ટમાં ધારણ કરેલી અથવા વીમાદારની કસ્ટડી કે નિયંત્રણમાં હોય તેવી મિલકત સિવાયની મિલકત સંબંધમાં જવાબદારીની મર્યાદા ₹ ૬૦૦૦થી વધારીને ₹....... કરવામાં આવે છે. વધુમાં ખાસ કરીને કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે કે વધારેલી મર્યાદા વીમો ઉતરાવેલ વાહનની મિલકતને લાગુ પડતી નથી.

આ પોલિસીની શરતો, અપવાદો અને મર્યાદાઓને અધીન રહેશે.

## આઈએમટી ૭૧ : પગારદાર ડ્રાઈવર સિવાયના ડ્રાઈવર માટે અંગત વીમા-કવચ

આથી કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે કે મોટરવાહનના ઉપયોગના સીધા સંબંધમાં વાહનના ડ્રાઈવરે (પગારદાર ડ્રાઈવર સિવાય), આમાં હવે પછી વર્ણવેલી ભોગવેલ શારીરિક ઈજા/મૃત્યુ બદલ જોગવાઈ કરેલ ધોરણે વળતર આપવાનું, વાહનમાંથી ચડતાં, ઊતરતાં કે વાહન ચલાવતી વખતે અને હિંસક, આકસ્મિક, બહારના અને દશ્ય સાધનોથી થયેલ, જે બીજાં કોઈ કારણોસર આવી ઈજા થયાના બાર કેલેન્ડર મહિનાની અંદર નીચેનામાં પરિણામે તો કંપની નીચેના ધોરણે વળતર આપવાનું માથે લે છે :

| વળતરનું ધોરણ | | રકમ ₹ |
|---|---|---|
| (ક) | ફક્ત મૃત્યુ | ૨૦,૦૦૦ |

(ખ) નીચેનું મટી ન શકે તેવું કુલ નુકસાન :

૧. બંને આંખની દૃષ્ટિ અથવા બે હાથ અથવા બે આખા પગનું અથવા એક આખા હાથ અને એક આખા પગનું શારીરિક વિભાજન અથવા એક આંખની દૃષ્ટિ અથવા એક આખો પગ અથવા એક આખા હાથનું આવું નુકસાન

૨. બે હાથના ઉપયોગ અથવા બે પગના ઉપયોગ અથવા એક હાથ અને એક પગનના ઉપયોગનું નુકસાન અથવા એક આંખની દૃષ્ટિનું નુકસાન અને એક હાથ કે એક પગના ઉપયોગનું નુકસાન ₹ ૨૦,૦૦૦

(ગ) ૧. બંને આંખની દૃષ્ટિનું મટી ન શકે તેવું નુકસાન અથવા એક આખા હાથ અથવા એક આખા પગના શારીરિક વિભાજનથી નુકસાન ........... ₹ ૧૦,૦૦૦

ઉપરના ખંડ (ખ) અને ખંડ (ગ)ના હેતુ માટે હાથનું શારીરિક વિભાજન એટલે કાંડા અથવા તેથી ઉપરનું વિભાજન અને પગનું શારીરિક વિભાજન એટલે ઘૂંટી અથવા તેથી ઉપરના ભાગથી વિભાજન

(ઘ) ઉપરનાં નામ સિવાયની ઈજાથી સીધા પરિણામ તરીકે કાયમી સંપૂર્ણ અશક્તતા, તે કોઈ પણ પ્રકારના રોજગાર અથવા વ્યવસાયમાં કામ કરવા તદન અશક્ય બનાવે ₹ ૨૦,૦૦૦

**પરંતુ હમેશાં એ શરતે કે :**

(૧) ઉપરની બાબત (ક)થી (ઘ)ની ફક્ત એક બાબત હેઠળ કોઈ એક બનાવમાંથી ઊભા થતા આવી કોઈ વ્યક્તિ બાબતમાં વળતર ચૂકવી શકાશે. કંપનીની આવી કોઈ વ્યક્તિ સંબંધમાં વીમાની કોઈ એક મુદત દરમિયાન વધુમાં વધુ એકંદરે રૂ. ૨૦,૦૦૦ રહેશે.

(૨) આવી ઈજા સમયે આવી વ્યક્તિ ૧૬ વર્ષથી ઓછી અને ૭૦ વર્ષથી વધારે ન હોવી જોઈએ.

(૩) ૧. ઈરાદાપૂર્વક જાતે ઈજા, આપઘાત અથવા આપઘાતના પ્રયાસ અથવા (૨) આવી વ્યક્તિ માદક દારૂ અથવા ડ્રગની અસર હેઠળ હોય ત્યારે અકસ્માતથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, સંપૂર્ણ કે અંશતઃ તેમાંથી ઊભા થતા અથવા પરિણમતા મૃત્યુ અથવા શારીરિક ઈજા સંબંધમાં કોઈ વળતર ચૂકવવામાં નહિ આવે.

(૪) આવું વળતર વીમાદારની મંજૂરીથી જ બારોબાર ઈજા પામેલા ડ્રાઈવર અથવા તેના કાયદેસર પ્રતિનિધિઓને ચૂકવી શકાશે. આવી વ્યક્તિની રસીદ પૂર્ણ અને આખરી ચુકવણી બની રહેશે.

(૫) અકસ્માતમાં સંડોવાયેલ ડ્રાઈવર કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ અન્યથા વળતર માટે હકદાર હોય, તો તેને શેરા હેઠળ કોઈ વળતર ચૂકવવામાં નહિ આવે.

આ પોલિસીની શરતો, અપવાદ, મર્યાદાઓને અધીન રહેશે.

વાહન (બિન-પરિવહન વાહનને લાગુ પડશે) ચલાવવા માટે પાત્ર વ્યક્તિઓ અથવા વ્યક્તિઓનો વર્ગ

વીમાદાર સહિત કોઈ પણ વ્યક્તિ, પરંતુ અકસ્માત સમયે તે અસરકારક ડ્રાઈવિંગ લાઈસન્સ ધરાવતી હોવો જોઈએ. આવું લાઈસન્સ ધરાવવા કે મેળવવા તે ગેરલાયક ન હોવી જોઈએ.

પરંતુ એ શરતે કે અસરકારક શીખનારનું લાઈસન્સ ધરાવતી વ્યક્તિ, અકસ્માત સમયે ઉતારુઓના પરિવહન માટે વાહન ન વપરાતું હોય ત્યારે વાહન ચલાવી શકે, પરંતુ આવી વ્યક્તિ કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમો ૩ની જરૂરિયાતો સંતોષતી હોવી જોઈએ.

### વિભાગ ૫ : ૨૫ હોર્સપાવર સુધીની કિસાન પંપસેટ મોટર

૧. વીમો સેન્ટ્રીફ્યુગલ (ઈલેક્ટ્રિકલ/ડિઝલ) અને સબમર્સિબલ બંને ૨૫ હોર્સપાવર સુધીના પંપસેટને આગ અને વીજળી, ચોરી/ઘરફોડી (પંપસેટ લોકરમાં રાખ્યો હોય, તો હિંસક બળજબરી પ્રવેશને કારણે), યાંત્રિક કે ઈલેક્ટ્રિ-સિટી ખોટકાવાને પરિણામે, આરએસએમઆઈ અને આતંકવાદથી નુકસાન અથવા હાનિ સામે આવરી લે છે.

૨. આગ અને વીજળી, હિંસક બળજબરી પ્રવેશને કારણે સંપૂર્ણપણે થયેલ અણધાર્યા અને એકદમ ભૌતિક નુકસાન સામે કંપની વીમાદારને વીમાદારના મકાનમાં સ્થાપેલ અથવા ચાલુ રહેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ યંત્ર કે ઈલેક્ટ્રિસિટી ખોટકાવાને પરિણામે આરએસએમઆઈ અને આતંકવાદ, પૂર, ડૂબમાં જવું, ચક્રવાત, વંટોળિયો, ઝંઝાવાતથી થયેલ નુકસાન ભરપાઈ કરી આપશે. પરંતુ વીમાના કોઈપણ એક સમયમાં કોઈ એક બાબત સંબંધમાં કંપનીની જવાબદારી અનુસૂચિમાં આવી બાબત સામે નિયત કરેલ વીમાની રકમ કરતાં વધશે નહિ.

૩. **વીમાની રકમ** : અનુસૂચિમાં દર્શાવેલી આવી બાબત સંબંધમાં વીમાની રકમ તે જ પ્રકાર અને શક્તિવાળી મિલકતથી વીમો ઉતરાવેલી મિલકત બદલવા / ખર્ચ જેટલી રહે તે આ વીમાની જરૂરિયાત છે. વળી વીમાની દાવાની રકમ બદલવાના ખર્ચ કરતાં ઓછી જણાય તો સરેરાશની શરત લાગુ પડશે.

**૪. હાનિરક્ષાનો આધાર**

**ક.**

| **શક્તિ** | **સેન્ટ્રીફ્યુગલ પંપસેટ ઈલેક્ટ્રિકલ** | | **ડીઝલ** | | **સબમર્સિબલ પંપસેટ ઓઈલ સેલ** | |
|---|---|---|---|---|---|---|
| | આરસી / | ડીએફ | આરસી / | ડીએફ | આરસી / | ડીએફ |
| ૩.૦ | ૬૦૦ | ૭૫ | ૮૦૦ | ૯૦ | ૧૫૦૦ | વધુમાં |
| ૫.૦ | ૮૦૦ | ૭૫ | ૧૦૦૦ | ૧૦૫ | ૧૫૦૦ | વધુ રૂ. |
| ૭.૫ | ૧૦૦૦ | ૮૫ | ૧૦૦૦ | ૧૦૫ | ૧૫૦૦ | ૨૫૦ને |
| ૧૦.૦ | ૧૩૦૦ | ૯૦ | ૧૩૦૦ | ૧૧૫ | ૨૫૦૦ | અધીન |
| ૧૨.૫ | - | - | - | - | ૩૦૦૦ | રહીને |
| ૧૫.૦ | ૧૫૦૦ | ૧૧૫ | ૧૯૦૦ | ૧૪૦ | ૪૦૦૦ | વીમાની |
| ૧૭.૫ | ૨૦૦૦ | ૧૧૫ | ૨૦૦૦ | ૧૬૦ | - | રકમના |
| ૨૦.૦ | ૨૧૦૦ | ૧૪૦ | ૨૧૦૦ | ૧૭૫ | ૪૫૦૦ | ૧ ટકાને |
| ૨૫.૦ | ૨૪૦૦ | ૧૪૦ | ૨૪૦૦ | ૨૦૦ | ૫૦૦૦ | અધીન |

ખ. કુલ નુકસાનના દાવા બાબતમાં કંપનીની જવાબદારી વીમાની રકમ અથવા બદલવાની કિંમત, બેમાંથી જે ઓછી હોય તેટલી રહેશે.

### ખાસ અપવાદ

કંપની નીચેની બાબતો અંગે જવાબદાર રહેશે નહિ :

(૧) વીમાદારે જાણીબૂજીને કરેલા કામ અથવા જાણીબૂજીને રાખેલી બેદરકારીથી થયેલું નુકસાન અથવા હાનિ;

(૨) આ વીમાની શરૂઆત વખતે રહેલી અને વીમાદાર જાણતો હોય તેવી ખામીઓ, આવા દોષ અથવા ખામીઓ કંપનીની જાણમાં હોય કે નહિ તે છતાં તેના કારણે નુકસાન અથવા હાનિ.

(૩) જેના માટે કરાર હેઠળ મિલકતના ઉત્પાદક કે પુરવઠાકાર જવાબદાર હોય તેના કારણે નુકસાન અથવા હાનિ

(૪) આવી વસ્તુને હાનિમાંથી ઊભી થતી કોઈ વીમાની વસ્તુને મરામતની દુકાનમાં લઈ જવાનું અને વીમાદારના સ્થળે પાછું લઈ જવાનું પરિવહન ખર્ચ

(૫) આ પોલિસીના બીજા વિભાગ હેઠળ વીમો ઉતરાવવાપાત્ર જોખમથી વીમાની કોઈ વસ્તુને નુકસાન અથવા હાનિ.

(૬) આવી બાબતની કાયદેસર રચાયેલા સત્તાતંત્રે જપ્તી અથવા સંપાદનના પરિણામે કોઈ વીમો ઉતરાવેલી વસ્તુને અથવા મકાનના વીમાદારે ગેરકાયદે ભોગવટો ધરાવવાને પરિણામે કોઈ મકાનનો કાયમી કે કામચલાઉ ભોગવટો છોડવાથી નુકસાન અથવા હાનિ.

## વિભાગ ૬ : ટેલિવિઝન સેટ

૧. કંપની નીચેની બાબતો અંગે વીમાદારને હાનિરક્ષા કરી આપશે :

(ક) ગૃહોપયોગી સાધનોમાં આગ, વીજળી અને ગેસનો વિસ્ફોટ;
(ખ) પાણીની ટાંકી, સાધન અથવા પાઈપનું ફાટવું અથવા ઉભરાવું;
(ગ) હવાઈજહાજ અથવા તેમાંથી ફેંકેલી વસ્તુઓ
(ઘ) ધરતીકંપ, આગ અને/અથવા આંચકા
(ચ) પૂર, ડૂબમાં જવું, પ્રચંડ તોફાન, ઝંઝાવાત, તોફાન, વાવાઝોડું, વંટોળિયો અને ચક્રવાત
(છ) હુલ્લડ, હડતાળ અથવા દ્વેષપૂર્ણ કાર્ય.
(જ) ઘરફોડી અને / અથવા ખાતર પાડવું અથવા ચોરી
(ઝ) આકસ્મિક બહારનાં સાધનો
(ટ) યાંત્રિક અથવા ઈલેક્ટ્રિક રીતે ખોટકાઈ જવું

પરંતુ વીમાના કોઈ એક સમયમાં આવા નુકસાન અથવા હાનિ બાબતમાં કંપનીની જવાબદારી અનુસૂચિમાં દર્શાવેલી રકમ સુધી મર્યાદિત રહેશે.

૨. વીમાદારના કુટુંબના સભ્ય સિવાયની અથવા વીમાદારની નોકરીમાં હોય તે સિવાયની વ્યક્તિનું આકસ્મિક મૃત્યુ અથવા શારીરિક ઈજા અથવા વીમાદાર કે તેના કુટુંબના કોઈ સભ્યની કસ્ટડી અને નિયંત્રણ અથવા તેની ન હોય તેવી મિલકતને આકસ્મિક નુકસાન બાબતમાં કંપનીની લેખિત સંમતિથી વીમાદારે કરેલા મુકદમાનું ખર્ચ અથવા વીમાદાર વળતર તરીકે ચૂકવવા કાયદેસર જવાબદાર હોય તે ટેલિવિઝન સાધન સંબંધમાં અથવા આંતરિક ફિટિંગ તૂટી જવા અને તૂટી પડવા અથવા ટેલિવિઝન સાધનના ભાગ બનાવતા માસ્ટ(mast)નું ખર્ચ, પરંતુ વીમાના કોઈ એક સમયે આવા વળતર અને મુકદમાના ખર્ચ સંબંધમાં કંપનીની જવાબદારી ₹ ૨૫,૦૦૦ (રૂપિયા પચીસ હજાર પૂરા) જેટલી મર્યાદિત છે.

૩. મિલકતનો અન્યથા વીમો ન ઉતરાવ્યો હોય તેટલા પૂરતું ટેલિવિઝન સાધનના ભાગ બનવા માસ્ટ અથવા એન્ટેના ફીટિંગ તૂટી પડવાથી અથવા તૂટને કારણે વીમાદારની કસ્ટડી અથવા નિયંત્રણ હેઠળના અને તેની મિલકતને નુકસાન, પરંતુ વીમાના કોઈ એક સમયમાં આવા નુકસાન સંબંધમાં કંપનીની જવાબદારી ₹ ૩૦૦૦ (રૂપિયા ત્રણ હજાર) સુધી મર્યાદિત રહે છે.

### વ્યાખ્યા

આમાં વપરાયેલ 'ટેલિવિઝન સાધન' શબ્દોના અર્થમાં ટેલિવિઝન સેટ, સેટનો ભાગ બનતી સહાયક સામગ્રી અને બાહ્ય અને આંતરિક બંને એન્ટેનાનો સમાવેશ થાય છે.

### ખાસ અપવાદ

કંપની નીચેની બાબતોમાં જવાબદાર રહેશે નહિ :

(ક) એ જ સમયે ટેલિવિઝન સાધાન ચોરાઈ ગયું હોય તે સિવાય બહારના એન્ટેના અથવા ફીટિંગનું નુકસાન અથવા હાનિ

(ખ) ટેલિવિઝન સાધન સ્થાપવા, તેની મરામત અને તેને છૂટા પાડવામાંથી ઊભા થયેલા અથવા થયેલ નુકસાન અથવા હાનિ.

(ગ) ટેલિવિઝન સાધનના ઉત્પાદક અથવા પુરવઠાકાર કાયદાથી અથવા કરારથી જેના માટે જવાબદાર છે તેનાથી નુકસાન અથવા હાનિ.

(ઘ) વીમાદારે કરારથી લીધેલી જવાબદારી, સિવાય કે આવી જવાબદારી આવો કરાર ગમે તે હોવાં છતાં વીમાદાર સાથે જોડાયેલ રહેશે.

## વિભાગ ૭ : પેડલ સાઇકલ

(૧) વીમાદાર અથવા વીમાદારના કુટુંબના કોઈ સભ્યની પેડલ સાઇકલને નીચેની બાબતોથી નુકસાન કે હાનિની કંપની હાનિરક્ષા કરી આપશે :
- (ક) આગ, વીજળી અને બહારના વિસ્ફોટ
- (ખ) હુલ્લડ, હડતાળ અને દ્વેષપૂર્ણ કાર્ય
- (ગ) ઘરફોડી અને / અથવા ઘરમાં ખાતર પડવું અથવા ચોરી
- (ઘ) આકસ્મિક બાહ્ય સાધનો
- (ચ) પૂર, ચક્રવાત, તોફાન, ઝંઝાવાત અને કુદરતી વાતાવરણના ખલેલથી ઉત્પાત.
- (છ) ધરતીકંપ, આગ અને/અથવા આંચકા. પરંતુ વીમાના કોઈ એક સમયમાં કોઈ એક વાહનના નુકસાન અથવા હાનિ અંગે કંપનીની જવાબદારી અનુસૂચિમાં આવા વાહન સામે નિયત કરેલા વીમાની રકમ કરતાં વધશે નહિ.

(૨) વીમાદારના કુટુંબના સભ્ય સિવાયની અથવા વીમાદારની નોકરીમાં હોય તે સિવાયની વ્યક્તિનું આકસ્મિક મૃત્યુ અથવા શારીરિક ઈજા અથવા આની નીચે વીમો ઉતરાવેલી પેડલ સાઇકલ સંબંધમાં અથવા તેની મારફત થતા અથવા બનતા અકસ્માતના બનાવમાં આવી સાઇકલ પર વીમાદાર વળતર તરીકે અથવા મુકદમાના ખર્ચ અંગે ચૂકવવા જવાબદાર હોય તેટલી રકમની કંપની હાનિરક્ષા કરી આપશે, પરંતુ વીમાના કોઈ એક સમયમાં આવા વળતર અને મુકદમા માટે કંપનીની જવાબદારી ₹ ૧૦,૦૦૦ (દસ હજાર) જેટલી મર્યાદિત રહેશે.

### ખાસ અપવાદ

કંપની નીચેની બાબતો માટે જવાબદાર રહેશે નહિ :
- (૧) પેડલ સાઇકલનો ભાડે અથવા ભારત બહાર ઉપયોગ થઈ રહ્યો હોય ત્યારે તે સંબંધમાં અથવા તેની મારફત થયેલાં કોઈ અકસ્માત, નુકસાન અથવા જવાબદારી;
- (૨) અતિભાર, તણાવ અથવા યાંત્રિક રીતે ખોટકાવાથી થયેલું નુકસાન;
- (૩) તે જ વખતે પેડલ સાઇકલ ચોરાઈ હોય તે સિવાય તેની સહાયક સામગ્રીને નુકસાન અથવા હાનિ;
- (૪) ગતિનિર્ધારણ માટે વપરાતી હોય ત્યારે ઊભાં થતાં નુકસાન, હાનિ અથવા જવાબદારી
- (૫) આની પેટા-કલમ(એ) નીચે ઊભા થતા પ્રત્યેક નુકસાનના પ્રથમ ₹ ૧૦, તેમ છતાં, નુકસાન કે હાનિ ₹ ૧૦થી વધતુ હોય, તો કંપની આવા નુકસાન અથવા હાનિની પૂરેપૂરી રકમ ચૂકવવા કંપની જવાબદાર છે.

### ખાસ શરત

પેડલ સાઇકલ નોંધારી છોડી હોય ત્યારે તેને સલામતી માટે તાળું મારવું.

## વિભાગ ૮ : બેગેજ

ભારતમાં કોઈ પણ સ્થળે પ્રવાસ કરતા હોય કે રજાના દિવસોએ પ્રવાસમાં હો ત્યારે જેના માટે તે જવાબદાર હોય તેવા વીમાદાર કે તેના કુટુંબના સભ્યો સાથેની અંગત બેગેજ સંબંધમાં વીમાદાર અને/અથવા તેના કુટુંબના તેમની સાથે કાયમી રહેતા સભ્યો અકસ્માત અથવા કમનસીબને કારણે ગૂમ થયેલા, નાશ પામેલા કે નુકસાન પામેલા બેગેજની કંપની હાનિરક્ષા કરી આપશે, પરંતુ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી અનેક બાબતો પૈકી દરેક અંગે વીમાના કોઈ એક સમયમાં, આમ ગૂમ થયેલ, નાશ કે નુકસાન પામેલ મિલકત અંગે કંપનીની જવાબદારી આવી મિલકતના નુકસાન સમયે ખરેખર કિંમત જેટલી મર્યાદિત રહેશે. પરંતુ તેની નિયત કરતાં વધશે નહિ.

### ખાસ અપવાદ

કંપની નીચેની બાબતો અંગે જવાબદાર રહેશે નહિ :
- (ક) આ મિલકત લાવવામાં વપરાતાં રેલવે, ટ્રેન અથવા વહાણ અથવા હવાઈ જહાજ અથવા વાહનના અકસ્માતથી આવું નુકસાન કે હાનિ પહોંચી હોય તે સિવાય લેન્સ અથવા કાચ, તે કોઈ સાધનના ભાગ હોય કે નહિ અથવા ચીનાઈ માટીના, ગ્રામોફોન રેકર્ડ અને બરડ અને તકલાદી પ્રકારની બીજી વસ્તુઓને તિરાડ, લિસોટા અથવા તૂટવાથી થતા નુકસાન અથવા હાનિ.
- (ખ) મિલકત જેને અધીન હોય તેને સ્વચ્છ કરવાના, રંગ કરવાના, તેની મરામત અથવા પુનઃ સ્થાપન કરવાની કોઈ પ્રક્રિયામાં રજકણ, ફૂગી, જીવાતથી થયેલ નુકસાન અથવા હાનિ
- (ગ) અધિક ચલાવવાથી, અધિક દબાણ, શોર્ટ સર્કિટ, આર્કિંગ, સ્વયં ગરમી અથવા ગમે તે કારણસર વીજળીનું લિકેજ (વીજળીનો સમાવેશ થાય છે), પ્રસંગોપાત્ત વીજળી સ્થાપનના કોઈ ભાગ અથવા કોઈ ઇલેક્ટ્રિક અથવા વીજાણુ, યંત્ર, છિદ્ર, જડાણ અને ફીટિંગ (વીજળીના પંખા, ગૃહોપયોગી અથવા ઘરગથ્થું વીજળિક સાધનો, વાયરલેસ રેડિયો સેટ, ટેપ રેકર્ડર, ટેલિવિઝન સેટ વગેરે)ને નુકસાન અથવા હાનિ
- (ઘ) કાંડા ઘડિયાળ અને ભીંત ઘડિયાળની ટેકનિકલ રીતે ખોટી ગોઠવણી અથવા વધારે ચાવી આપવાથી થયેલ નુકસાન અથવા હાનિ
- (ચ) બધાં બારી-બારણાં અને બીજા ખુલ્લા ભાગ બરાબર બંધ કર્યા હોય અને યોગ્ય રીતે જોડી દીધા હોય તેવા સંપૂર્ણ બંધ સલૂનની કાર સિવાયની કારમાંથી ચોરી
- (છ) માલ-સંવિદાના કરાર નીચે વાહકથી થયેલ નુકસાન અથવા હાનિ
- (જ) નાણાં, જામીનગીરી, હસ્તપ્રત, ખત, બોન્ડ, હૂંડી, પ્રોમિસરી નોટ, સ્ટોક અથવા શેર સર્ટિફિકેટ, ટિકિટો, વેપારના ચોપડા અથવા દસ્તાવેજ, ઝવેરાત, ઘડિયાળ, ફર, રત્નો, મણિ, સોના અને ચાંદીના ઘરેણાં, પ્રવાસ ટિકિટ, ચેક અને બેન્ક ડ્રાફ્ટને નુકસાન અથવા હાનિ.
- (ઝ) મુસાફરી શરૂ થઈ ત્યારે કોઈ પેકેજની અંદરની વસ્તુના ભાગરૂપ ન હોય તેવી વસ્તુઓ નિર્દિષ્ટ રીતે જાહેર કરી હોય અને કંપનીએ સ્વીકારી હોય તે સિવાય, નુકસાન અથવા હાનિ
- (ટ) વપરાશી પ્રકારની વસ્તુઓનું નુકસાન કે હાનિ
- (ઠ) દરિયાઈ મુસાફરી અને / અથવા મુસાફરીનાં વપરાશમાં હોય તેવી લાકડી, પટા, છત્રી, તડકાની છત્રી (sunshede), પંખા, આરામ ખુરશી (deck) જેવી છૂટી વસ્તુઓ, વ્યક્તિએ પહેરવાનાં કપડાં અથવા લઈ જવાની વસ્તુઓનું નુકસાન કે હાનિ
- (ડ) પ્રવાહી, તેલ અથવા તેવા પ્રકારની વસ્તુઓનાં લીકેજ, છલકાવા અથવા જોખમી અથવા નુકસાન કરતા પ્રકારની વસ્તુઓના વિસ્ફોટને કારણે નુકસાન, નાશ અથવા હાનિ.

## વિભાગ ૯ : જનતા અંગત અકસ્માત / ગ્રામીણ જનતા પોલિસી

કંપની નીચેના માટે પોલિસી હેઠળ જવાબદાર રહેશે નહિ :
- (૧) એક જ ઈજા અથવા અશક્તા બાબતમાં પેટા-ખંડ (ક), (ખ), (ગ) અથવા (ઘ)ના એકથી વધારે નીચે વળતર;
- (૨) વીમાના કોઈ એક વર્ષ દરમિયાન પોલિસી હેઠળ ઉતરાવેલી વીમાની રકમ ઉપરાંત પેટા-ખંડ (ચ) હેઠળ ચૂકવવાપાત્ર રકમ સિવાયની કોઈ ચુકવણી;
- (૩) આ પોલિસી ઇસ્યુ કરવાની તારીખે હોય તેવી કોઈ અશક્તતામાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઊભી થતી અથવા તેમાં ફાળો આપતી અને તેના પરિણામરૂપ ઈજા અથવા અશક્તતા સંબંધમાં વળતરની ચુકવણી;
- (૪) (ક) ઈરાદાપૂર્વક પોતાને ઈજા, આપઘાત અથવા આપઘાતનો પ્રયાસ (ખ) માદક દારૂ અથવા ડ્રગની અસર હેઠળ હોય ત્યારે (ગ) વાહનદોડ, શિકાર, શિકારી પ્રાણીઓના શિકાર, શૂટિંગ, પર્વતારોહણ, શિયાળુ રમતો, સ્કાઇંગ અથવા બરફ હોકી રમતી વખતે (ઘ) ગાંડપણથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ (ચ) ગુનાહિત ઇરાદાથી કાયદાના કોઈ ભંગ કરવા બાબત વીમાદાર તરફથી ઊભા થતા અથવા પરિણમતા વીમાદારના મૃત્યુ, ઈજા અથવા અશક્તતા બાબતમાં વળતરની ચુકવણી.
- (૫) યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ, બળવો, ક્રાંતિ, રાજદ્રોહ, લશ્કરી બળવો, લશ્કરી અથવા છીનવી લીધેલી સત્તા, જપ્તી, પકડવું, ધરપકડ, નિયંત્રણ, બધા રાજાઓ, રાજકુમારો અને ગમે તે રાષ્ટ્ર, સ્થિતિ અથવા ગુણવત્તાવાળા લોકોની અટકાયતને કારણે મૃત્યુ, ઈજા, અથવા અશક્તતા સંબંધમાં વીમાદારને વળતરની ચુકવણી;
- (૬) આયનીત કરેલ કિરણોત્સર્ગ અથવા અણુશસ્ત્રોની સામગ્રીમાંથી કોઈપણ સ્રોતમાંથી રેડિયો એક્ટીવિટીથી દૂષિત થવાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ, તેમાંથી થતી, તેમાં ફાળો આપતી કે પરિણામરૂપ મૃત્યુ અથવા શારીરિક ઈજા સંબંધમાં વળતરની ચુકવણી, પરંતુ વીમાદારે કંઈ કરવા કે ન કરવાને લગતા હોય તે પૂરતું આ પોલિસી (શરતો અને તે પરના બધા શેરા આ પોલિસીના ભાગ તરીકે વાંચવાના છે)ની શરતોના પાલન અને તે પરિપૂર્ણ કરવાની બાબત, આ પોલિસી હેઠળ કંપનીની કોઈ જવાબદારીની પૂર્વ-શરત રહેશે.

### શરતો

૧. આ પોલિસી હેઠળ દાવો ઉત્પન્ન કરતો કોઈ બનાવ બનતાં, વીમાદાર તરત જ તે અંગે કંપનીને નોટિસ આપશે. યોગ્ય કારણ દર્શાવ્યું હોય તે સિવાય, પોલિસી હેઠળ દાવો ઊભો કરતા બનાવ પછી એક કેલેન્ડર મહિનાની અંદર વીમાદાર કંપનીને દાવાની પૂરી વિગતો સાથે લેખિત નોટિસ આપશે.

૨. દાવો જેના પર આધારિત હોય તે બધી બાબતોની કંપનીને સાબિતી રજૂ કરવામાં આવશે. કંપનીના કોઈ તબીબી અધિકારી અથવા બીજા એજન્ટને, કોઈ કહેવાતી ઈજા અથવા અશક્તતાના પ્રસંગે વીમાદારને વ્યક્તિઓને તપાસવાની છૂટ આપશે, તે વાજબી રીતે કંપની જરૂરી બનશે. મૃત્યુ પ્રસંગે, વીમાદારની શબપરીક્ષા કરવા જરૂરી હોય, તો લેખિત માગણી પછી ચૌદ દિવસની અંદર રજૂ કરવામાં આવશે, પરંતુ મૃત્યુ અથવા કાયમી અશક્તતાની બાબતમાં, પોલિસીની સોંપણી પર જ ચૂકવવાપાત્ર બધી રકમ રદ કરવામાં અને છૂટી કરવામાં આવશે.

૩. આ પોલિસી હેઠળ ચૂકવવાપાત્ર રકમ પર વ્યાજ મળશે નહિ.

૪. આ પોલિસી હેઠળનો કોઈ દાવો કપટભર્યો હોય અથવા વીમાદાર કે વીમાદાર વતી કોઈ વ્યક્તિએ કપટી નિવેદન અથવા પ્રયુક્તિથી સમર્થિત કર્યો હોય, તો કંપની કોઈ ચુકવણી કરવા જવાબદાર રહેશે નહિ.

૫. કંપની લેખિત નોટિસ આપીને આ પોલિસી કોઈ પણ સમયે રદ કરી શકશે. તે બાબતમાં, પૂરા થયેલા ચાલુ વીમાના સમય માટે છેલ્લા પ્રીમિયમમાંથી પ્રમાણસર પ્રીમિયમ વીમાદારને પરત કરશે. કંપનીના ચોપડામાં છેલ્લે નોંધેલા સરનામે વીમાદારને આવી નોટિસ મોકલી હોય, તો તે પૂરતી હોવાનું ગણાશે અને ટપાલના સામાન્ય ક્રમમાં તેને ડિલીવર થઈ હોવાનું માનવામાં આવશે.

૬. વીમાદાર પોલિસી ચાલુ હોય તે દરમિયાન કોઈ વખત તેવી જનતા અંગત અકસ્માત વીમા પોલીસી એક કે વધારે વીમાકર્તા પાસે લે, તો એક કે વધારે વીમાકર્તા પાસે અમલમાં હોય તેવી પોલિસીની સંખ્યા ગમે તેટલી હોવા છતાં, વીમાકર્તાઓની અધિકતમ જવાબદારી પોલિસીમાં દર્શાવેલી વીમાની રકમ જેટલી મર્યાદિત રહેશે.

૭. આ પોલિસી હેઠળ ચૂકવવાપાત્ર પ્રમાણ અંગે કોઈ તફાવત હોય (અન્યથા જવાબદારી કબૂલ રખાઈ છે) તો આવા તફાવત અંગે તે સમયે અમલમમાં હોય તેવા વખતોવખત સુધાર્યા પ્રમાણે ભારતીય લવાદ અધિનિયમ, ૧૯૪૦ની જોગવાઈ અનુસાર લવાદને પૂછાવવામાં આવશે.

આથી સ્પષ્ટપણે કબૂલ કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે આની નીચેના કોઈ દાવા માટે કંપની વીમાદારની જવાબદારી ન સ્વીકારે અને આવી અસ્વીકૃતિની તારીખથી ૧૨ કેલેન્ડર મહિનાની અંદર આવો દાવો ન કર્યો હોય, તો તે સમયે કાયદાનીમાં કોર્ટમાં દાવાને અધીન રહીને દાવાને તમામ હેતુઓ માટે છોડી દીધેલો ગણવામાં આવશે અને ત્યારપછી તેની નીચે વસૂલાત થઈ શકશે નહિ.

## વિભાગ ૧૦ : જન આરોગ્ય વીમા પોલિસી

### પોલિસીનાં મુખ્ય લક્ષણો

૧.૧ થયેલ માંદગી/રોગ અથવા ઈજા માટે હોસ્પિટલમાં / રહેઠાણમાં સારવાર કર્યાના ખર્ચને ભરપાઈ કરવાની બાબત પોલિસી આવરી લે છે.

૧.૨ આ યોજના હેઠળ કોઈ દાવો મંજૂર કરવાનો થતાં, કંપની નીચે દર્શાવેલાં જુદાં જુદાં શીર્ષક હેઠળ આવતા ખર્ચની રકમ આવી વીમાદાર વ્યક્તિ વતી વાજબી અને જરૂરી, પરંતુ વીમાના કોઈ એક સમય દરમિયાન વધુમાં વધુ વીમાની રકમ જેટલું ખર્ચ ચૂકવશે.

(ક) હોસ્પિટલ/નર્સિંગ હોમે જોગવાઈ કરેલ રૂમ અને જમવાનું ખર્ચ

(ખ) નર્સિંગનું ખર્ચ

(ગ) સર્જન, એનેસ્થેટિસ્ટ ડોક્ટર, નિષ્ણાત, તદ્વિદીની ફી

(ઘ) એનેસ્થેશિયા, લોહી, ઓક્સીજન, શસ્ત્રક્રિયા ખંડનું ખર્ચ, સર્જિકલ સાધનો, ડાયાલિસીસ, કેમોથેરાપી, રેડિયોથેરાપી, પેસમેકર, કૃત્રિમ અવયવો, અવયવોનું ખર્ચ અને તેવાં ખર્ચ.

(નોંધ : વીમાના સમય દરમિયાન મંજૂર કરેલા બધા દાવા અંગે કંપનીની જવાબદારી વ્યક્તિ દીઠ રૂ.૫૦૦૦ની વીમાની રકમ કરતાં વધશે નહિ.)

**૨. વ્યાખ્યાઓ**

૨.૧ હોસ્પિટલ/નર્સિંગ હોમ એટલે માંદગી અને ઈજાની સારવાર માટે ભારતની અંદરના દર્દીની સારવાર માટે સ્થાપેયલ સંસ્થા, (ક) તે સ્થાનિક સત્તાતંત્ર પાસે હોસ્પિટલ કે નર્સિંગ હોમ તરીકે લાયકાત ધરાવતા ડૉક્ટરના દેખરેખ નીચે નોંધાઈ હોય

**અથવા**

(ખ) નીચેનાં ઓછામાં ઓછા માપદંડને અનુસરવું જોઈએ :

(૧) તેમાં ઓછામાં ઓછી અંદરના દર્દીની ૧૫ પથારી હોવી જોઈએ.

(૨) સર્જિકલ શસ્ત્રક્રિયા કરાતી હોય ત્યાં પોતાનું સંપૂર્ણ સુસજ્જ શસ્ત્રક્રિયા થિયેટર

(૩) પોતાના રોજગારમાં ચોવીસેય કલાક સંપૂર્ણ લાયકાત ધરાવતો સ્ટાફ

(૪) સંપૂર્ણ લાયકાત ધરાવતા ડોક્ટર ચોવીસેય કલાક ચાર્જમાં હોવા જોઈએ.

**નોંધ :** 'ગ' વર્ગના નગરમાં પથારીઓની સંખ્યા ઘટાડીને ૧૦ કરી શકાય)

૨.૧.૧ 'હોસ્પિટલ/નર્સિંગ હોમ' શબ્દપ્રયોગમાં આરામગૃહ, વૃદ્ધાશ્રમ, ડ્રગના વ્યસનીઓનું અથવા દારૂડિયાનું સ્થળ, હોટલ અથવા તેવા સ્થળનો સમાવેશ થતો નથી.

૨.૨. 'સર્જિકલ શસ્ત્રક્રિયા' એટલે વિકૃતિ અને ખામીઓ સુધારવી, ઈજા મટાડવી, રોગનું નિદાન કરવું અને મટાડવો, દુખમાં રાહત અને આવરદા વધારવા માટે શારીરિક અને / અથવા શસ્ત્રક્રિયા પદ્ધતિઓ.

૨.૩ ઓછામાં ઓછા ૨૪ કલાક માટે હોસ્પિટલમાં રહેવાનું ખર્ચ મળવાપાત્ર છે. તેમ છતાં ડાયાલિસિસ, કેમોથેરાપી, રેડિયોથેરાપી, આંખની શસ્ત્રક્રિયા, દાંતની શસ્ત્રક્રિયા, લિથોટ્રિપ્સી (કીડનીની પથરી દૂર કરવી, ટોન્સીલેક્ટોમી (કાકડા દૂર કરવા), હોસ્પિટલ/નર્સિંગ હોમમાં લીધેલ ડીએનસી જેવી ખાસ સારવારમાં ૨૪ કલાકનો ઓછામાં ઓછો સમય લાગુ પડતો નથી, વીમાદારને તે જ દિવસે છૂટા કરવામાં આવે છે. હોસ્પિટલના લાભ નીચે સારવાર લીધી હોવાનું ગણવામાં આવશે.

**૨.૪ રહેઠાણમાં હોસ્પિટલના લાભ :**

જે રોગ / માંદગી / ઈજા માટે સામાન્ય ક્રમમાં હોસ્પિટલ / નર્સિંગ હોમમાં કાળજી અને સારવાર જરૂરી હોય તેવી માંદગી / રોગ / ઈજા માટે ત્રણ દિવસ કરતાં વધુ સમય માટે તબીબી સારવાર જરૂરી હોય, પરંતુ નીચેના કોઈ પણ સંજોગોમાં ભારતમાં ઘેર પથારીવશ હોઈ સારવાર અપાય છે :

(૧) હોસ્પિટલ અગાઉની અને પછીની સારવાર અંગે કરેલું ખર્ચ; અને

(૨) નીચેના કોઈ રોગની સારવાર માટે કરેલું ખર્ચ :

૧. દમ

૨. શ્વાસનળીનો સોજો

૩. હાલનો નેફ્રાઈટિસ અને નેફ્રોટિક સિન્ડ્રોમ

૪. અતિસાર અને ગેસ્ટ્રોએન્ટ્રાઈટિસ તેમજ બધા પ્રકારના મરડા

૫. ડાયાબિટિસ મેલિટસ અને ઈનસિપિડસ

૬. વાઈ

૭. લોહીનું ઊંચું દબાણ

૮. ઈન્ફ્લુએન્ઝા, કફ અને શરદી

૯. બધા માનસિક ચિકિત્સા અથવા મનોશારીરિક (Psyclosometic) જટિલતા

૧૦. મૂળ અજાણ્યું હોય તેવો દસ દિવસથી ઓછા સમયનો તાવ

૧૧. લારિન્જીટિસ અને ફારીગાઈટિસ સહિત ટોન્સીલાઈટિસ અને ઉપલા શ્વસનતંત્રમાં ચેપ

૧૨. સંધિવા, ગાઉટ અને રુમેટિઝમ

**નોંધ :** જ્યારે ડાયાલિસિસ, કેમોથેરાપી, રેડિયોથેરાપી વગેરે જેવી સારવાર હોસ્પિટલ/નર્સિંગ હોમમાં લેવામાં આવે અને દર્દીને તે જ દિવસે છૂટો કરવામાં આવ્યો હોય, તો સારવાર હોસ્પિટલાઈઝેશન લાભ વિભાગ હેઠળ સારવાર લીધી હોવાનું ગણવામાં આવશે.

## ૩.૦ કોઈ એક માંદગી

કોઈ એક માંદગીને માંદગીનો સળંગ સમય એવો અર્થ માની લેવામાં આવશે. સારવાર જ્યાં લીધી હોય તે હોસ્પિટલ/નર્સિંગ હોમ સાથે છેલ્લા પરામર્શની તારીખથી ૪૫ દિવસની અંદર ઊથલો મારવાનો તેમાં સમાવેશ થાય છે. ૪૫ દિવસ પૂરા થયા પછી ઉપર જણાવ્યા મુજબ તે જ માંદગી આવે, તો આ પોલિસીના હેતુ માટે તેને નવેસર માંદગી તરીકે ગણવામાં આવશે.

૩.૧ **હોસ્પિટલમાં સારવાર અગાઉ** : થયેલા રોગ / માંદગી / ઈજા અંગે હોસ્પિટલમાં સારવાર અગાઉ ૩૦ દિવસ સુધીના સમય દરમિયાન કરેલું પ્રસ્તુત તબીબી ખર્ચ ઉપરની બાબત ૧.૨ હેઠળ દર્શાવેલ દાવાના ભાગ તરીકે ગણવામાં આવશે.

૩.૨ **હોસ્પિટલમાં સારવાર પછી** : થયેલા રોગ / માંદગી / ઈજા અંગે હોસ્પિટલમાં સારવાર પછી ૬૦ દિવસ સુધીના સમય દરમિયાન કરેલ પ્રસ્તુત તબીબી ખર્ચ ઉપરની બાબત ૧.૨ હેઠળ દાવાના ભાગ તરીકે ગણવામાં આવશે.

૩.૩ તબીબી વ્યવસાયી (ડોક્ટર) એટલે માન્ય સંસ્થાના ડિગ્રી / ડિપ્લોમા ધરાવનાર અને ભારતના સંબંધિત રાજ્યની તબીબી પરિષદે નોંધણી કરેલ વ્યક્તિ. તબીબી વ્યવસાયમાં ફિઝિશનય, તદ્‌વિદ અને સર્જનનો સમાવેશ થશે.

૩.૪ લાયકાત ધરાવતી નર્સ એટલે માન્ય નર્સિંગ પરિષદનું પ્રમાણપત્ર ધરાવનાર અને ફરજ પરના તબીબી વ્યવસાયીની ભલામણ પરથી નિમાયેલી વ્યક્તિ.

## ૪.૦ બાકાત બાબતો

૪.૦ કોઈ વીમાદાર વ્યક્તિએ નીચેની બાબતો હેઠળ અથવા તે સંબંધમાં કરેલા કોઈ પણ ખર્ચ સંબંધમાં આ પોલિસી હેઠળ કંપની કોઈ ચુકવણી કરવા જવાબદાર રહેશે નહિ :

૪.૧ આ વીમાના પ્રસ્તાવ વખતે હોય તેવા રોગ. હાલના અગાઉની સ્થિતિ એટલે આ વીમાની અસરકારક તારીખ અગાઉ થયેલી ઈજા. હાલની અગાઉની સ્થિતિ એટલે વીમાદાર વ્યક્તિને ચિહ્નો માંદગીને લગતાં હોવાની જાણકારી હોય કે નહિ છતાં, આ વીમાની અસરકારક તારીખ અગાઉ હોય તે કોઈ માંદગી અથવા તેનાં ચિહ્નો. હાલની અગાઉની સ્થિતિમાંથી ઊભી થતી જટિલતા હાલની અગાઉની સ્થિતિના ભાગ તરીકે ગણવામાં આવશે.

૪.૨ અકસ્માતથી ઈજા થઈ હોય તેવા કેસ સિવાય વીમા-કવચની શરૂઆતની તારીખના પ્રથમ ૩૦ દિવસ દરમિયાન કરેલ હોસ્પિટલ અંગેનું કોઈ ખર્ચ.

૪.૩ વીમા-કવચની કામગીરીના પ્રથમ વર્ષ દરમિયાન મોતિયા, બીનાઈન, પ્રોસ્ટેટિક હાઈપરટ્રોફી, મેનોરહેગિયા અથવા ફાઈબ્રોમિયોમા, સારણગાંઠ, હાઈડ્રોસીલ, જન્મજાત આંતરિક રોગ, ગુદામાં ભગંદર, પાઈલ્સ, સિન્યુસાઈટિસ અથવા તેને લગતી જટિલતા અંગે ચુકવણી કરાતી નથી.

૪.૪. યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, યુદ્ધ જેવી કામગીરીથી (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ) પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થતા, તેમાંથી ઉદ્‌ભવતા કે તેના પરિણામરૂપ રોગ અથવા ઈજા

૪.૫ આની નીચે બાકાત ન રખાયેલ અથવા અકસ્માત, રસી અથવા નિરુપદ્રવ અથવા જીવનમાં ફેરફાર અથવા કોઈ માંદગીના ભાગ તરીકે અકસ્માત અથવા માંદગીના ભાગ તરીકે કોઈ પણ વર્ણનની પ્રસાધન અથવા સૌંદર્યવર્ધક સારવાર પ્લાસ્ટિક શસ્ત્રક્રિયા, રોગની સારવાર માટે જરૂરી હોય તે સિવાય સુન્નત.

૪.૬ ચશ્માં, કોન્ટેકટ લેન્સ અને સાંભળવાના સાધનનું ખર્ચ.

૪.૭ હોસ્પિટલની સારવાર જરૂરી હોય તે સિવાય કોઈપણ પ્રકારની દાંતની સારવાર અથવા શસ્ત્રક્રિયા.

૪.૮ સુન્નત, સામાન્ય નિર્બળતા, નંખાઈ જવાની સ્થિતિ, આરામથી સાજા થવું, જન્મજાત બહારના રોગ અથવા ખામી અથવા વિસંગતિ, વંધ્યત્વ, ગુપ્તરોગ, ઈરાદાપૂર્વક જાતે ઈજા, માદક દારૂ/ડ્રગનો ઉપયોગ

૪.૯ માનવ ટી-સેલ, લિમ્ફોટ્રોપિક, વિષાણુ પ્રકાર ૩ (ઉએલબી ૩) અથવા લિમ્ફાડિનોપથી સંલગ્ન વિષાણુ (LAU) અથવા મુટાન્ટ ડેરિવેટિવ અથવા તફાવત ઊણપ સિન્ડ્રોમ અથવા કોઈ પણ સિન્ડ્રોમ અથવા સામાન્ય રીતે એઈડ્ઝ તરીકે દર્શાવતી તેવા પ્રકારની સ્થિતિથી ઊભાં થતાં બધાં ખર્ચ.

૪.૧૦ જેના માટે હોસ્પિટલ/નર્સિંગ હોમમાં રહેવાનું જરૂરી બને તે માટે પોઝિટિવ હોવાના નિદાન અને સારવાર અથવા કોઈ રોગ, માંદગી અથવા ઈજા સાથે આનુષંગિક અથવા સુસંગત પ્રાથમિક નિદાન, ક્ષ-કિરણ અથવા પ્રયોગશાળા પરીક્ષણ માટે હોસ્પિટલ અથવા નર્સિંગ હોમમાં કરેલું ખર્ચ.

૪.૧૧ સારવાર કરતા ફિઝિશિયને પ્રમાણિત કર્યા મુજબ ઈજા અથવા રોગ માટે સારવારના ભાગ તરીકે થાય તે વિટામિન અને ટોનિક અંગે ખર્ચ.

૪.૧૧.૧ અણુશસ્ત્રો/સામગ્રીથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલી અથવા તેમાં ફાળો આપતી ઈજા અથવા રોગ.

૪.૧૨ સગર્ભાવસ્થા, બાળજન્મ, સીઝેરિયન સેક્સનમાંથી ઊભી થતી અથવા પરિણામરૂપ સારવાર

૪.૧૩ નિસર્ગોપચાર સારવાર